કચ્છ ઉદય
ભચાઉ તાલુકાના ખારોઈ, મનફરા, ચોબારી, ભરૂડીયા, આધોઈ, જંગી, વાંઢીયા, વોંધ, કટારીયા, દુધઈ તથા આસપાસના વિસ્તારોમાં સરક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવયુવાનોની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ, અભિનંદન,જાહેર ખબરમાં સંપર્ક કરો
મહેશ શાહ : ૯૮૨૫૧ ૭૨૩૨૦, ૯૮૭૯૫ ૯૧૪૨૭
-: સ્થળ :-
જૈન ધર્મશાળાની બાજુમાં, જુના બસ સ્ટેન્ડ રોડ, ભચાઉ-કચ્છ.

સાપ્તાહિક

Website : www.kutchuday.com

E-mail : kutchuday@gmail.com

તા.૧૮ મે, ૨૦૨૫ રવિવાર
કિંમત રૂા.૨/-

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

# કચ્છ ઉદય

૩૧ વર્ષોથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ-સૌરાષ્ટ્રના સર્વે માનવંતા ગ્રાહકમિત્રોને જણાવવાનું કે કચ્છ ઉદય સાંધ્ય દૈનિકમાં જાહેરાત માટે અમારા બ્યુરો ઓફીસ રાજકોટમાં સંપર્ક કરો.
PAN COMMUNICATIONS
National & International News Papers & Magazine Advertising Agent, RAJKOT
Mo.: 98250 35635

♦અંક નંબર : ૫૩ ♦વર્ષ : ૩૧ ♦પાના - ૮ ♦ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ♦Regd No. G-KCH - 184-2019-2021 ♦GUJGUJ/2008/25151♦ સંવત ૨૦૮૧ ♦ વૈશાખ વદ-૬ ♦ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ♦ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ♦ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

# ભારતના જાસુસી મિશનમાં વિઘ્ન

## ઈસરોનું ઈઓએસ-૦૯ મિશન અધુરૂ રહ્યું, ટેકનિકલ ખામીને કારણે રોકેટ ત્રીજા તબક્કાને પાર ન કરી શકયું



નવી દીલ્હી : શનિવારે ભારતીય અવકાશ સંશોધન સંગઠન (ISRO) નું PSLV-C61 રોકેટનું લોન્ચ મિશન સફળ રહ્યું ન હતું. લોન્ચ પછી, ત્રીજા તબક્કા દરમિયાન ટેકનિકલ ખામી જોવા મળી હતી, જેના કારણે મિશન અધૂરું રહ્યું હતું. ISROના વડા વી. નારાયણને પોતે આ માહિતી આપી હતી. ISROના વડાએ જણાવ્યું હતું કે ઉપગ્રહ પ્રક્ષેપણના પ્રથમ અને બીજા તબક્કા સામાન્ય હતા.ત્રીજો તબક્કો પૂર્ણ થઈ શક્યો ન હતો અને ખામીને કારણે મિશન સફળ રહ્યું ન હતું. તેમણે કહ્યું, "... ત્રીજા તબક્કાના સંચાલન દરમિયાન અમે અવરોધ જોયો અને મિશન પૂર્ણ થઈ શક્યું નહીં. હવે અમે આ ડેટાનું વિશ્લેષણ કરીશું અને પછી મિશન પર પાછા આવીશું." આ મિશન હેઠળ, EOS-09 (પૃથ્વી નિરીક્ષણ ઉપગ્રહ-૦૯) ને પૃથ્વીના સૂર્ય સિંક્રનસ ભ્રમણકક્ષામાં મૂકવાનો હતો. આ ઉપગ્રહ EOS-04 નું પુનરાવર્તિત સંસ્કરણ હતું અને તેનો હેતુ રિમોટ સેન્સિંગ ડેટા પ્રદાન કરવાનો હતો જેથી વિવિધ ક્ષેત્રોમાં કામ કરતા વપરાશકર્તા સમુદાયને સચોટ અને નિયમિત આંકડા મળી શકે.EOS-09 ઉપગ્રહ દેશની રિમોટ સેન્સિંગ ક્ષમતાઓને વધુ મજબૂત બનાવવાના ઉદ્દેશ્યથી ડિઝાઈન કરવામાં આવ્યો હતો. EOS-09 ખાસ કરીને આતંકવાદ વિરોધી કામગીરી, ઘૂસણખોરી અથવા શંકાસ્પદ પ્રવૃત્તિઓ શોધવા માટે ડિઝાઈન કરવામાં આવ્યો હતો. ISRO ની ટેકનિકલ ટીમ હવે સમસ્યાની વિગતવાર તપાસ કરશે જેથી સ્પષ્ટ થાય કે લોન્ચ દરમિયાન કયા તબક્કે ખામી સર્જાઈ હતી અને ભવિષ્યમાં તેને કેવી રીતે સુધારી શકાય.

## વિકસીત ભારત માટે સહકારીક્ષેત્રની મોટી ભુમિકા





**સાયન્સ સીટી ખાતે સહકારી ક્ષેત્રનું મહાસંમેલન યોજાયુ : કેન્દ્રીય સહકારીતા મંત્રી અમિત શાહની વિશેષ ઉપસ્થિતી : ગુજરાતના મુખ્યપ્રધાન ભુપેન્દ્ર પટેલ પણ હાજર**

ગાંધીનગર : સંયુકત રાષ્ટ્ર દ્વારા આંતરરાષ્ટ્રીય સહકારીતા વર્ષ તરીકે જાહેર કરવામાં આવ્યું છે. ત્યારે ગુરજાત રાજય સહકારી સંઘ દ્વારા અમદાવાદ સાયન્સ સિટી ખાતે સહકારી મહાસંમેલન ૨૦૨૫નું આયોજન કરવામા આવ્યું છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના અધ્યક્ષ સ્થાને યોજાયેલા આ સહકારી મહાસંમેલનમા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ અને સહકારમંત્રી જગદીશ વિશ્વકર્મા પણ હાજર રહ્યા છે. આજ રોજ અમીત શાહે આ સમારોહને ખુલ્લુ મુકયુ હતુ અને વિકસીત ભારતમાં સહકારી ક્ષેત્રની મહત્વપૂર્ણ ભુમિકા બાબતે ઉદબોધનમાં વિશેષ છણાવટ કરી હતી.સહકારથી સમૃદ્ધીના સંકલ્પને સાકાર કરવાની દીશામાં રાજયભરની વિવિધ સહકારી સંસ્થાઓને સહભાગી બનાવવાનો આ

**અનુસંધાન પાના નં.૪ પર**

## 'સરકાર મદદ કરવાના પૂરતા પ્રયત્નો કરશે...' ખેડૂતોને કૃષિમંત્રી રાઘવજી પટેલની હૈયાધારણા



ગાંધીનગર : ગુજરાતમાં વરસાદે તબાઈ મચાવી છે. જેના પગલે ખેતી પાકનો સોથ વળી ગયો છે. ત્યારે પાક નુકસાનીનો સર્વે ફરી શરૂ કરાયો છે. જેને લઈ કૃષિમંત્રી રાઘવજી પટેલનું નિવેદન સામે આવ્યું છે. તેમણે કહ્યું કે, 'કેરી પાકમાં મોટા પાયે નુકસાન થયું છે જે અંગે અમને રજૂઆત મળી હતી. જેના પગલે સરકારે કૃષિ વિભાગને સરવે કરી તાત્કાલિક રિપોર્ટ સોંપવા માટે આદેશ કર્યો છે'સરકાર દ્વારા સર્વેની કામગીરી શરૂ કરાઈ છે. કેરીના પાકને મોટું નુકશાન થયુ છે તેમજ અન્ય પાકોને પણ માવઠાને લીધે અસર થઈ છે. ખેડૂતોને નુકસાની નહીં જાય તેવી હૈયાધારણા આપતા કૃષિમંત્રી કહ્યું કે, 'માવઠાના કારણે આંબાના બગીચાને જે નુકસાન થયું હોય તેવી ઘણી બધી રજૂઆતો સરકારને મળી હતી. જેના પગલે સરકારે બાગાયતી વિભાગને આદેશ કર્યો છે કે, તમે સરવે કરીને સરકારને રિપોર્ટ સબમિટ કરો. ત્યારબાદ સરકાર આ અંગે નિર્ણય લેશે. સરકાર કેરી પકવતા ખેડૂતોને મદદ થવાના પૂરતા પ્રયત્નો કરશે'

### અવિરત વરસાદથી ખેડૂતોની હાલત કફોડી

ગાંધીનગર:વરસાદેખેતીપાકમાંઅનેકવિસ્તારોમાંવિનાશ વેર્યો છે. અવિરત વરસાદના કારણે ખેડૂતોની હાલત કફોડી બની છે. ખેડૂતોના ખેતરમાં પાણી ઘૂસી ગયા છે. પાણી ખેતરમાં ભરાઈ જતા ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. જેના પગલે નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. ખેડૂતોને મગફળી અને કપાસના પાકને મોટાપાયે નુકસાન થયું છે.

## પાકિસ્તાનને લઈ RSS વડા મોહન ભાગવતનું મોટું નિવેદન



(એજન્સી દ્વારા)

નવી દીલ્હી : રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા ડૉ. મોહન ભાગવતે કહ્યું છે કે ભારત વિશ્વનો સૌથી જૂનો દેશ છે અને તેની ભૂમિકા 'મોટા ભાઈ' ની છે. ભારત એક એવો રાષ્ટ્ર છે જે વિશ્વમાં શાંતિ, સંવાદિતા અને ધર્મને પ્રોત્સાહન આપે છે.આ સાથે પાકિસ્તાન પર તાજેતરની કાર્યવાહીનો ઉલ્લેખ કરતા સંઘના વડાએ કહ્યું કે ભારત માટે શક્તિશાળી બનવું ખૂબ જ મહત્વપૂર્ણ છે.

તેઓ શનિવારે જયપુરના હરમારામાં રવિનાથ આશ્રમમાં આયોજિત એવોર્ડ સમારોહને સંબોધિત કરી રહ્યા હતા.

ડૉ. ભાગવતે કહ્યું કે ભારતમાં બલિદાનની પરંપરા રહી છે. આપણે ભગવાન શ્રી રામથી લઈને ભામાશાહ સુધીના બધા મહાપુરુષોને નમન કરીએ છીએ જેમણે સમાજ માટે પોતાનું સર્વસ્વ આપી દીધું. તેમણે ભાર મૂક્યો કે ધર્મ અને શાંતિનો સંદેશ પહોંચાડવા માટે પણ શક્તિ જરૂરી છે.પાકિસ્તાન સામેની તાજેતરની લશ્કરી કાર્યવાહીનો ઉલ્લેખ કરતા ડૉ. ભાગવતે કહ્યું કે, ભારત કોઈને નફરત કરતું નથી.પરંતુ દુનિયા પ્રેમ અને કલ્યાણની ભાષા ત્યારે જ સાંભળે છે જ્યારે તમારી પાસે શક્તિ હોય.આ દુનિયાનો સ્વભાવ છે.જેને બદલી શકાતો નથી. તેથી વિશ્વ કલ્યાણ માટે ભારતનું શક્તિશાળી બનવું મહત્વપૂર્ણ છે.દુનિયાએ હવે આપણી તાકાત જોઈ લીધી છે.

## હૈદરાબાદમાં અગ્નિકાંડ : ૧૭ના મોત





**ગુલઝાર હાઉસ બિલ્ડીંગમાં લાગી આગ : અનેક લોકો ઘાયલ : રાહત-બચાવનું કામ પુરજોશમાં શરૂ**

(પ્રતિનિધિ દ્વારા)

નવી દીલ્હી : હૈદરાબાદમાં ભયંકર અગ્નીકાંડની મોટી દુર્ઘટના સર્જાવવા પામી ગઈ હોવાના અહેવાલો સામે આવવા પામી રહ્યા છે. અહીંની એક ઈમારતમાં ભયંકર આગ લાગવાથી પ્રાથમિક તબક્કે ૧૭ જેટલા લોકોના મોત થયા હોવાના સમાચાર પ્રાપ્ત થવા પામી રહ્યા છે.

આ અંગે મળતી વિગતો મુજબ હૈદરાબાદના ગુલઝાર હાઉસ બિલ્ડીંગમાં આ મોટી આગની ઘટના બની છે અને તેમાં ૧૭ના મોત થયા છે તો અસંખ્યા લોકો ઘાયલ થવા પામ્યા હોવાની વાત સામે આવી રહી છે. રાહત-બચાવ કામગીરી પુરજોશમાં શરૂ કરવામાં આવી છે.

## હિંદના સાવજોને સલામ! આર્મીએ ઓપરેશન સિંદૂરનો નવો વીડિયો બહાર પાડ્યો



નવી દીલ્હી : ભારતીય સેનાએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર ઓપરેશન સિંદૂર સંબંધિત વધુ એક વીડિયો શેર કર્યો છે. આ વીડિયોમાં સેનાના જવાનો આતંકવાદી ઠેકાણાઓને સંપૂર્ણપણે નષ્ટ કરતા જોવા મળે છે. ભારતીય સેનાએ આ વીડિયો શેર કર્યો અને લખ્યું - 'યોજના બનાવી, તાલીમ આપી અને કાર્યવાહી કરી.' ન્યાય થયો." સેનાએ કહ્યું કે ઓપરેશન સિંદૂર પાકિસ્તાન માટે એક એવો પાઠ હતો જે તેણે દાયકાઓથી શીખ્યો ન હતો.સેનાએ તેના વીડિયોમાં કહ્યું, "આ બધું પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાથી શરૂ થયું હતું . કોઈ ગુસ્સો નહોતો, લાવા હતો. મનમાં ફક્ત એક જ વાત હતી - આ વખતે આપણે તેમને એવો પાઠ ભણાવીશું કે તેમની પેઢીઓ તેને યાદ રાખશે.

## ભાજપના ધારાસભ્યનો ઉકળાટઃ બજેટ આપ્યા પછી કામ પૂરા થતાં નથી

અમદાવાદ : અમદાવાદ કલેકટર સાથેની સંકલન બેઠકમાં ભાજપના શાહપુરના ધારાસભ્યે કહ્યું, બજેટ આપ્યા પછી પણ કામ પુરા થતાં નથી. જમાલપુરના ધારાસભ્યે પણ કામ થતાં નહીં હોવાનુ કહી બેઠકમાંથી ચાલતી પકડી હતી. કલેકટર સાથેની બેઠક પછી શાહપુરના ધારાસભ્ય કૌશિક જૈને કહ્યું, ધારાસભ્ય તરીકે અઢી વર્ષ થવા છતાં બજેટ આપ્યા પછી પણ કામો પુરા થતા નથી. શાહપુર વિધાનસભામાં આવતા પ્રેમ દરવાજાથી શાહપુર શંકરભુવન સુધીના જાહેર રોડ ઉપર વાહનોના થતા આડેધડ પાર્કીંગ ઉપર અંકુશ મુકવા કાર્યવાહી કરવા રજુઆત કરી હતી.

જમાલપુર-ખાડિયાના ધારાસભ્ય ઈમરાન ખેડાવાલાએ કહ્યું, કલેકટર સાથેની બેઠકમાં ભાજપના મોટાભાગના ધારાસભ્ય અઢી વર્ષથી તેમના કામ પુરા થતા નથી એવી રજુઆત કરી રહ્યા હતા. મણિનગરના ધારાસભ્ય અમુલ ભટ્ટે છ તળાવ ડેવલપ કરવા અગાઉ બેઠકમાં રજુઆત કરી હતી. તેમ છતાં સિંચાઈ વિભાગ, કલેકટર અને મ્યુનિ.તંત્ર એકબીજાને ખો આપતા હોવાની રજુઆત થતા હુ પણ બેઠકમાંથી કામ થતા નહીં હોવાના મુદ્દે નીકળી ગયો હતો. દરમિયાન મ્યુનિસિપલ કમિશનર સાથેની સંકલન બેઠકમાં એલિસબ્રિજના ધારાસભ્ય અમિત શાહે સરસપુર અને મોટેરામા આવેલી સરકારી જગ્યાના બાંધકામ માટે મ્યુનિ.તંત્રે ઈમ્પેકટ ફી લીધી હોવાનો આક્ષેપ કરતા મ્યુનિસિપલ કમિશનરે આ મામલે તપાસના આદેશ આપ્યા હતા.

## યુદ્ધવિરામ મુદ્દે ભારતીય આર્મીનું મોટું નિવેદન



નવી દીલ્હી : ભારત-પાકિસ્તાન યુદ્ધવિરામ કરાર અંગેના સમાચાર પર ભારતીય સેનાએ એક નિવેદન બહાર પાડ્યું છે. ભારતીય સેનાએ સ્પષ્ટતા કરી છે કે આજે કોઈ ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સ સ્તરની વાતચીતનું આયોજન નથી. સેનાએ કહ્યું કે કેટલાક મીડિયામાં એવા અહેવાલો છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચેની યુદ્ધવિરામ આજે સમાપ્ત થઈ રહ્યો છે. આ સમાચાર પછી, ઘણા લોકોમાં મૂંઝવણ છે.

ભારતીય સેનાએ આ અટકળો પર સ્પષ્ટ નિવેદન જારી કર્યું છે અને કહ્યું છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ સમાપ્ત થવાના સમાચાર સંપૂર્ણપણે ખોટા છે.

સેનાના જણાવ્યા અનુસાર, કેટલાક મીડિયા સંગઠનો એવો પણ દાવો કરી રહ્યા છે કે આજે ડીજીએમઓ સ્તરની વાતચીત થવાની છે. આ અંગે સેનાએ કહ્યું કે આજે કોઈ ઢર્સ્ટ સ્તરની વાતચીતનું આયોજન નથી. સેનાએ એ પણ સ્પષ્ટ કર્યું કે ૧૨ મેના રોજ ભારત અને પાકિસ્તાનના ડીજીએમઓ વચ્ચે થયેલા યુદ્ધવિરામ કરાર માટે કોઈ અંતિમ તારીખ નક્કી કરવામાં આવી નથી. એટલે કે, તે અનિશ્ચિત સમય માટે ચાલુ રહેશે.

ખરેખર, છેલ્લા કેટલાક દિવસોથી કેટલાક મીડિયા હાઉસમાં સમાચાર ફેલાઈ રહ્યા હતા કે ભારત અને પાકિસ્તાન વચ્ચેની યુદ્ધવિરામ કરાર આજે સમાપ્ત થવા જઈ રહ્યો છે. આ ઉપરાંત, ડીજીએમઓ સ્તરની વાતચીત અંગે પણ ઘણી અટકળો લગાવવામાં આવી રહી હતી. સેનાના નિવેદન પછી, હવે સ્પષ્ટ થઈ ગયું છે કે ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ ચાલુ રહેશે અને તેને સમાપ્ત કરવા માટે કોઈ સમયમર્યાદા નક્કી કરવામાં આવી નથી.

## GPSC દ્વારા બે દિવસ લીધેલા ઇન્ટરવ્યુ રદ કરવા પાછળ હસમુખ પટેલે આપ્યું આ કારણ!!!

અમદાવાદ : ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા લેવામાં આવી રહેલી ડ્રગ ઈન્સ્પેક્ટરની ભરતી પ્રક્રિયામાં એક મહત્વપૂર્ણ અને અણધાર્યો વળાંક આવ્યો છે. તેમજ ય્જીઝ એ તાજેતરમાં આ પદ માટે લેવાયેલા ઈન્ટરવ્યુ રદ કરવાની જાહેરાત કરી છે.આ નિર્ણય પાછળ એક ચોક્કસ કારણ આપવામાં આવ્યું છે, જેની જાહેરાત GPSCના અધ્યક્ષ હસમુખ પટેલે કરી હતી. GPSCના અધ્યક્ષ હસમુખ પટેલે ટ્વીટ કરીને આ અંગેની માહિતી આપી હતી. તેમજ તેમણે જણાવ્યું કે, ડ્રગ ઈન્સ્પેક્ટરના ઈન્ટરવ્યુ પ્રક્રિયા દરમિયાન એક બાબત આયોગના ધ્યાન પર આવી હતી કે ઈન્ટરવ્યુ પેનલના એક તજજ્ઞ સભ્યે આ ભરતી સંબંધિત સરદારધામ ખાતે મોક ઈન્ટરવ્યુ લીધા હતા.આ બાબતને ગંભીરતાથી ધ્યાનમાં લઈને, આયોગ દ્વારા છેલ્લા બે દિવસ દરમિયાન લેવામાં આવેલા ડ્રગ ઈન્સ્પેક્ટરના ઈન્ટરવ્યુ રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

## ઇન્ડોનેશિયામાં અડધી રાત્રે આવ્યો ભૂકંપ : ઘરમાંથી ભાગ્યાં લોકો : જોરદાર ઝટકા અનુભવાયા

નવી દીલ્હી : શનિવારની રાત્રે ભારતીય સમય મુજબ ૨:૫૦ વાગ્યે ઈન્ડોનેશિયાના ઉત્તર સુમાત્રા ક્ષેત્રમાં ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. હાલમાં કોઈ જાનહાનિના સમાચાર નથી. છેલ્લા એક અઠવાડિયામાં ઘણા દેશોમાં ભૂકંપના તીવ્ર આંચકા અનુભવાયા છે.નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજી (NSC) અનુસાર, ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૬ માપવામાં આવી હતી. ભૂકંપના આંચકા બાદ લોકો પોતાના ઘરોમાંથી બહાર નીકળી ગયા હતા. ભૂકંપનું કેન્દ્રબિંદુ ૫૮ કિલોમીટરની ઊંડાઈએ હતું. હાલમાં ભૂકંપ ના આંચકાને કારણે કોઈ મોટા નુકસાનના અહેવાલ નથી. શનિવારે મ્યાનમારના ક્યાઉક્સે નજીક ૫.૪ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો. યુરોપિયન-મેડિટેરેનિયન સિસ્મોલોજિકલ સેન્ટર (EMSC) અનુસાર, બપોરે ૧૫:૫૪ વાગ્યે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપનું કેન્દ્ર ક્યાઉક્સેથી લગભગ ૩૫ કિલોમીટર દૂર હતું. શનિવારે અફઘાનિસ્તાનમાં પણ ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. રાષ્ટ્રીય ભૂકંપ કેન્દ્ર અનુસાર, ૧૭ મે, ૨૦૨૫ ના રોજ સવારે ૪:૨૬ વાગ્યે અફઘાનિસ્તાનમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપ ૩૬.૩૭ ડિગ્રી ઉત્તર અક્ષાંશ અ૬૯.૮૩ ડિગ્રી પૂર્વ રેખાંશ પર આવ્યો હતો. ભૂકંપની ઊંડાઈ ૧૨૦ કિલોમીટર નોંધાઈ હતી.

(૧૬ મે, ૨૦૨૫ ) ચીનમાં પણ ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૪.૫ માપવામાં આવી હતી. રાષ્ટ્રીય ભૂકંપશાસ્ત્રીય કેન્દ્ર અનુસાર, શુક્રવારે સવારે ભારતીય સમય મુજબ ૬:૨૯ વાગ્યે ચીનમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા, જેની ઊંડાઈ લગભગ ૧૦ કિલોમીટર નીચે હતી.

## ચીનનો નવો ઘાતક પ્લાનઃ કિલ સ્વીચ જે દુશ્મનોના પાવર ગ્રીડને ક્ષણમાં કિલ કરે છે

નવીદિલ્હી : શું ચીન હવે સૂર્યપ્રકાશનો ઉપયોગ કરીને પણ હુમલો કરવાની તૈયારી કરી રહ્યું છે? અમેરિકાના સોલાર ફાર્મમાં મળી આવેલા ચીની 'કિલ સ્વિચ' ડિવાઈસે ગુપ્તચર એજન્સીઓની ઊંઘ હરામ કરી દીધી છે.શું ચીન હવે સૂર્યપ્રકાશને પોતાની મુઠ્ઠીમાં કેદ કરવા માંગે છે? અમેરિકાના સોલાર ફાર્મમાં ચીની કંપનીઓ દ્વારા બનાવવામાં આવેલા ભાગોમાં કેટલીક એવી વસ્તુઓ મળી આવી છે જેણે આખી દુનિયાને હચમચાવી દીધી છે. આ 'કિલ સ્વીચ' છે, એક બટન જેને દબાવવાથી, ચીન અમેરિકા, બ્રિટન અને યુરોપના પાવર ગ્રીડને એક ક્ષણમાં નષ્ટ કરી શકે છે. જ્યારે એન્જિનિયરોને પાવર ઈન્વર્ટરની અંદર નાના કોમ્યુનિકેશન ડિવાઈસ મળ્યા ત્યારે ગુપ્તચર એજન્સીઓ સ્તબ્ધ થઈ ગઈ.આ ઈન્વર્ટર સૌર ઉર્જા પ્રણાલીઓનો સૌથી મહત્વપૂર્ણ ભાગ છે જે તેમને પાવર ગ્રીડ સાથે જોડે છે. સામાન્ય રીતે આ ઈન્વર્ટરને અપડેટ્સ અને સમારકામ માટે દૂરથી ઍક્સેસ કરી શકાય છે. પરંતુ સુરક્ષા માટે, ફાયરવોલ ઈન્સ્ટોલ કરવામાં આવે છે જેથી ચીન સાથે સીધો સંપર્ક ન થાય.

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

કચ્છ ઉદય

તંત્રી સ્થાનેથી....

**વૈશાખ વદ-૬, તા.૧૮ મે, રવિવાર**

# અચાનક યુદ્ધવિરામ કેમ? ટર્નિંગ પોઈન્ટ શું હતો?

**ભારતે કેમ જીતના જડબામાંથી હાર ખેંચવી પડી? આપણી ડિપ્લોમસી વધુ ધારદાર બનાવવાની જરૂર હોય તેવુ નથી લાગતુ?**

ભારત અને પાકિસ્તાન જે રીતે આક્રમક લશ્કરી ટકકર શરૂ થઇ તેમાં અચાનક જ યુધ્ધ વિરામ આવી ગયું તેમાં ટર્નિંગ પોઇન્ટ શું તેમાં પ્રશ્ર્ન પૂછાય તો સ્પષ્ટ જવાબ છે કે ભારતીય દળોએ જે રીતે પાકિસ્તાનને ઘુંટણીયે પાડી દીધુ હતુ તથા લાહોરથી લઇને રાવલપીંડી, સરગોધા (જે પાકિસ્તાનના એફ-૧૬ વિમાની કાફલા માટે હબ છે) સહિતના હવાઇ મથકોને પંગુ બનાવી દીધા પાકિસ્તાનના એક પણ પ્રહારને ટાર્ગેટ સુધી પહોંચવા દેવાયો નહીં લશ્કરી સર્વોપરીતા કલાકોમાં મેળવી લીધી હતી તે જ પાકિસ્તાન માટે પરાજય દિવસોનો સવાલ હતો અને દર સમયે બને છે તેમ અમેરિકા એ વધુ એક વખત પાકિસ્તાનને એરલીફ્ટ કર્યુ છે પણ હાલની સ્થિતિથી ભારતીય દળોની ક્ષમતા અને સર્વોપરીતાને દુનિયાએ જોઇ લીધી છે.ઓપરેશન સિંદુરમાં લશ્કરી આક્રમણ એક ભાગ જ છે, વાસ્તવમાં સરકારે જે રીતે ડીપ્લોમેટીક મોરચે કુશળતા બતાવી, સિંધુ સમજુતી રદ્દ કરી અને જે રીતે દુનિયાના દેશોને સંદેશ આપ્યો કે પાકિસ્તાનને અમે શિક્ષા કરવા જઇ રહ્યા છે ત્યાં સુધી બધુ ઓકે હતુ બાદમાં અચાનક જ અમેરિકી એન્ટ્રીએ દેશના લોકોને સવાલ પૂછતા કરી દીધા છે અને તેનો જવાબ પણ મળવો જોઇએ, સરકારના વ્યુહ નિશ્ચિત થવા જોઇએ, સંસદને પણ વિશ્વાસમાં લેવી જોઇએ પણ આપણે પરિસ્થિતિ એવી પેદા કરવાની નથી કે પાકિસ્તાનને તાળીઓ પાડવાનો મોકો મળે. ?એ પણ વાસ્તવિકતા છે કે કયાંક ચૂક થઇ છે જયાં અમેરિકાની પગ મૂકવાની તક અપાઇ ગઇ એ પણ વાસ્તવિકતા છે કે અમેરિકા માટે પાકિસ્તાનની ન્યુસન્સ વેલ્યુ છે પણ અમેરિકા સાથે કામ કેમ લેવું તે શીખવાની જરૂર છે? ઘડિયાળના કાટાને પાછા ફેરવી શકાતા નથી પરંતુ ઈતિહાસમાંથી શીખી જરૂર શકાય છે અને ભારત માટે તે હવે એક એવો બોધપાઠ બની જવો જોઇએ કે ભારત અને પાકિસ્તાન વચ્ચેના સરહદી તનાવ અને જે લશ્કરી અથડામણ થઇ તે પછી અચાનક જ યુધ્ધવિરામ જાહેર કરવાના નિર્ણય સામે પ્રશ્ન ઉઠે તે સ્વાભાવિક છે કારણ કે એક એવું વાતાવરણ જ બની ગયું હતું કે, આજે નહીં તો કદી નહીં તેવી સ્થિતિ બની હતી અને અચાનક તેમાં અમેરિકાની એન્ટ્રી થઇ અને બંને દેશોએ તાત્કાલીક યુધ્ધવિરામ કરતા વધુ યોગ્ય શબ્દોમાં કહી તો શસ્ત્ર વિરામ કર્યુ છે.પરંતુ દેશમાં જે રીતે પ્રશ્ન પૂછાઇ રહ્યો છે તેમાં પણ તેનો ઈક્રાર કરી શકો નહીં ખાસ કરીને એ તબકકે કે જયારે ભારત એ લશ્કરી મોરચે વધુ એક વખત પાકિસ્તાન પર મોટી સરસાઇ બનાવી લીધી હતી અને ખાસ કરીને હવાઇ મોરચે પાકિસ્તાન માટે લગભગ બે માસ સુધી લડી ન શકાય તેવી સ્થિતિ બની ગઇ હતી. તે સમયે જ અચાનક શસ્ત્ર વિરામ એ એક પ્રશ્ન બની ગયો અને એવી પણ એક વ્યાપક માન્યતા બની છે કે અમેરિકા ફરી એક વખત ભારત અને પાકિસ્તાન વચ્ચેના મેદાનમાં ઘુસીને ગોલ કરી ગયું છે.

# મ્યુઝીયમ થકી વારસાની જાળવણી




**આજે આંતરરાષ્ટ્રીય મ્યુઝીયમ દિવસ : વાગડથી લઈ લખપત સુધીના વિશેષ સંભારણા ભુજના મ્યુઝીયમમાં સચવાય છે : સ્મૃતિવન, ક્રાંતિતિર્થ સહિતના મ્યુઝીયમ પ્રવાસીઓમાં આકર્ષણનું કેન્દ્ર**

ભુજ : મ્યુઝિયમ એટલે એવું સ્થળ કે જ્યાં સંબંધિત દેશ કે રાજ્યની ઐતિહાસિક, સાંસ્કૃતિક, વૈજ્ઞાનિક અને કલાત્મક મહત્વ ધરાવતી વિવિધ ચીજવસ્તુઓને એકત્રિત કરીને લોકો સમક્ષ પ્રદર્શિત કરવામાં આવે છે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મ્યુઝિયમની જરૂરિયાત પર ભાર મૂકતા કહ્યું છે કે, મ્યુઝિયમ હકીકતો અને પુરાવાઓ આધારિત વાસ્તવિકતા રજૂ કરે છે. તે આપણને ભૂતકાળમાંથી પ્રેરણા પૂરી પાડે છે, અને ભવિષ્ય પ્રત્યેની આપણી ફરજો પ્રત્યે આપણને સભાન કરે છે.

આજે ૧૮મી મેનો દિવસ 'ઈન્ટરનેશનલ મ્યુઝિયમ ડે' તરીકે ઊજવવામાં આવે છે, જેની વર્ષ ૨૦૨૫ માટેની થીમ છે 'ધ ફ્યુચર ઑફ મ્યુઝિયમ્સ ઈન રેપિડલી ચેન્જિંગ કોમ્યુનિટીઝ' એટલે કે, ઝડપથી બદલાઈ રહેલા સમુદાયોમાં મ્યુઝિયમનું ભવિષ્ય. આ થીમ એ બાબત પર ધ્યાન કેન્દ્રિત કરે છે કે, મ્યુઝિયમ કેવી રીતે સામાજિક, તકનીકી અને પર્યાવરણીય બદલાવોમાંથી પસાર થઈ રહેલા વિશ્વમાં અનુકૂલન સાધી શકે છે, નવીનીકરણ કરી શકે છે અને યોગદાન આપી શકે છે. ગુજરાતમાં છેલ્લા ૨ દાયકામાં નિર્મિત કરવામાં આવેલા કેટલાંક વિશિષ્ટ અને પ્રખ્યાત મ્યુઝિયમ વિશે માહિતી મેળવીએ.

૨૦૦૧માં આવેલા ભૂકંપ દરમિયાન કચ્છમાં જીવ ગુમાવનારા નાગરિકોની સ્મૃતિમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પ્રેરણાથી સ્મૃતિવન ભૂકંપ સ્મારકનું નિર્માણ કરવામાં આવ્યું છે. ૪૭૦ એકર વિસ્તારમાં ફેલાયેલા સ્મૃતિવનમાં વિશાળ મિયાવાકી જંગલ આવેલું છે.

અહીંયા ૫૦ ચેકડેમ છે, અને શ્રદ્ધાંજલિ તરીકે કુલ ૧૨,૯૩૨ પીડિત નાગરિકોના નામની તકતી ચેકડેમની દીવાલો પર મૂકવામાં આવી છે. અહીં ૨૦૦૧માં આવેલા ભૂકંપની અનુભૂતિ કરવા માટે એક વિશેષ થિયેટરનું નિર્માણ કરવામાં આવ્યું છે, જ્યાં ધ્રુજારી અને ધ્વનિ તથા પ્રકાશના સંયોજનથી ભૂકંપની પરિસ્થિતિનો અનુભવ કરાવવામાં આવે છે. યુનેસ્કો દ્વારા સ્મૃતિવનને વિશ્વના ૭ સૌથી સુંદર મ્યુઝિયમોની યાદીમાં સ્થાન આપવામાં આવ્યું છે.

માંડવીમાં જન્મેલા ભારતના મહાન ક્રાંતિકારી શ્યામજીકૃષ્ણ વર્માના અસ્થિકળશ જિનિવાથી સ્વદેશ લાવ્યા બાદ તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ માંડવી ખાતે વર્ષ ૨૦૧૦માં શ્યામજીકૃષ્ણ વર્મા મેમોરિયલનું ઉદ્ઘાટન કર્યું હતું. આ ક્રાંતિતીર્થમાં આઝાદીની લડતના ૧૮૫૭થી ૧૯૪૭ સુધીના ૯૦ વર્ષની ઐતિહાસિક પ્રમુખ ઘટનાઓની તવારીખ અને ક્રાંતિકારી દેશભકતોના સચિત્ર સમર્પણની ગાથા પ્રસ્તુત કરવામાં આવી છે. શ્યામજીકૃષ્ણ વર્માએ સશસ્ત્ર ક્રાંતિથી આઝાદી મેળવવાના સંકલ્પ તરીકે લંડનમાં જે ઈન્ડિયા હાઉસ ઊભું કર્યું હતું, તેની પ્રતિકૃતિ પણ અહીં સ્મારક તરીકે મૂકવામાં આવી છે.આગામી સમયમાં કેટલાક વિશિષ્ટ મ્યુઝિયમોનું ગુજરાતમાં નિર્માણ થશે જેમાં મ્યુઝિયમ ઑફ રોયલ કિંગડમ્સ ઑફ ઈન્ડિયા, એકતાનગર, ગુજરાત વંદના મ્યુઝિયમ, એકતાનગર, નેશનલ ટ્રાયબલ મ્યુઝિયમ, એકતાનગર, વીર બાળ ઉદ્યાન, એકતાનગર, તાનારીરી મ્યુઝિક મ્યુઝિયમ, વડનગર, દ્વારકા સંગ્રહાલય, દ્વારકા, ઝવેરચંદ મેઘાણી મ્યુઝિયમ, ચોટીલા, ઉપરાંત રાજ્ય સરકાર જૂના મ્યુઝિયમોને અપડેટ કરીને તેમને આંતરરાષ્ટ્રીય સ્તરના મ્યુઝિયમોમાં પરિવર્તિત કરવા માટે પણ કામ કરી રહી છે. સાપુતારા ખાતે ટ્રાયબલ મ્યુઝિયમ તેમજ પાટણમાં સ્થિત મ્યુઝિયમ કે જેને રાજમાતા નાયિકાદેવી સંગ્રહાલય નામ આપવામાં આવ્યું છે, તેને અપડેટ કરવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે, જ્યારે બરોડા મ્યુઝિયમ અને પિક્ચર ગેલેરી, રાજકીય સંગ્રહાલય, જૂનાગઢ તેમજ વોટસન મ્યુઝિયમ, રાજકોટને આંતરરાષ્ટ્રીય સ્તરના મ્યુઝિયમો બનાવવા માટેની કામગીરી પ્રગતિ હેઠળ છે.

## ભુજમાં છાશનું વિતરણ કરાયું

ભુજ : સત્યમ સંસ્થા અને તાનારીરી મહિલા મંડળ દ્વારા ચાલતા હરતા-ફરતા છાશ કેન્દ્રમાં ભુજના આરતીબેન હિતેનભાઈ સોલંકી દ્વારા છાસ વિતરણ કરવામાં આવી હતી. હિતેનભાઈ સોલંકી દ્વારા સહયોગ મળી રહ્યો છે. તો કેરા ગામના દાતા પટેલ દાતા માવજીભાઈ વેલજી હાલાઈ દ્વારા ભુજમાં અલગ અલગ ઝૂંપડપટ્ટીઓમાં અને ભૂંગામાં ઠંડી છાશ વિતરણ કરવામાં આવી હોવાનું સંસ્થાની યાદીમાં જણાવાયું હતું.

## કચ્છના કેન્સર સ્પેશિયાલિસ્ટની કે.કે. પટેલ હોસ્પિટલમાં નિમણુંક



ભુજ : કચ્છમાં દર્દીઓની સેવા માટે કે.કે. પટેલ હોસ્પિટલ આગળ રહી છે. ત્યારે કેન્સરના દર્દીઓ માટે કેન્સરના સ્પેશિયાલિસ્ટ તરીકે કચ્છના જાણિતા તબીબ ડો. કિશન ઝુંબેશભાઈ કટ્ટાની નિમણુક કરાઈ છે.

ઘણા બાળકના વાલીઓ પોતાના દિકરાને સારૂ ભણતર મળે તેના માટે ખાનગી શાળામાં એડમિશન અપાવે છે. ત્યારબાદ તે આગળ વધે છે. સરકારી શાળા એટલે ભણતર વગરની શાળા લેખે છે. આ બધી માન્યતાને ખોટી પાડી છેવાડાના નલિયામાં આવેલી સરકારી શાળામાં પ્રાથમિક શિક્ષણ મેળવી, આગળ વધતા કેન્સર સ્પેશિયાલિસ્ટ થયેલા ડો. કિશનભાઈ કટ્ટાની વાત છે.કિશનભાઈના પિતા ઝુંબેશભાઈએ જણાવ્યું હતું કે, કિશને નલિયાની સરકારી શાળામાં ધોરણ ૧થી ૭ સુધી અભ્યાસ કરી ભુજની સ્વામિનારાયણ વિદ્યાલયમાં ધોરણ-૧૦માં કચ્છમાં પ્રથમ સ્થાન મેળવી ધોરણ ૧૨ સુધી અભ્યાસ પૂર્ણ કર્યો હતો. શિક્ષક દંપતિના સંતાને લોકોની સેવા કરવી છે તેવું માતા- પિતાને જણાવતા ડોકટર થવાની ઈચ્છા વ્યકત કરી ત્યારે પિતા ઝુંબેશભાઈ અને માતાએ આશિર્વાદ આપતા રશિયામાં એમબીબીએસ પૂર્ણા કર્યા બાદ અમદાવાદની એપોલો હોસ્પિટલમાં સરકારી સીટ ઉપર એમડી ડીએનબી (રેડીએશન ઓન્કોલોજી કેન્સર સ્પેશિયાલીસ્ટ)નો અભ્યાસ કરતાં તેઓ કેન્સરના સ્પેશિયાલીસ્ટ થયા છે. આમ તમામ ભણતરમાં કયાંય ટ્યુશન રાખ્યું નથી તેવું પિતાએ જણાવ્યું હતું અને કિશનને આગળ વધારવા આશિર્વાદ આપી લોકોની સેવા કર તેવો મંત્ર આપ્યો હતો. હાલમાં સમગ્ર કચ્છ સહિત સૌરાષ્ટ્રમાં નામાંકિત ભુજની કે.કે. પટેલ હોસ્પિટલમાં ડો. કિશન કટ્ટા સેવા આપી રહ્યા છે. તેઓએ રાજીપો વ્યક્ત કર્યો હતો. હવે કચ્છના કેન્સરને લગતા રોગોની સારવાર કરવા માટે હવે બહારગામ જવું નહીં પડે તેમ જણાવ્યું હતું. આ નિમણુંક થતાં સમાજ, મિત્ર વર્તુળ, પરિવારજનો તરફથી અભિનંદનની વર્ષા થઈ રહી છે.

# મુરૂ નજીક કોટડા મઢના ઈસમને ૪૩૦ લીટર ડીઝલ અને વાહનો સાથે ઝડપી લેવાયો



ભુજ : નખત્રાણા તાલુકાના મુરૂ ગામે લક્કી ચાડી પાસે અમુક ઈસમોએ ચોરી કે છળકપટથી ડીઝલ મેળવી છુપાવ્યું હતું. પોલીસે બાતમીના આધારે દરોડો પાડતા કોટડા મઢનો અબ્દુલ્લા હારૂન રાયમા હાજર મળી આવ્યો હતો. તેના કબજામાંથી ૪૩૦ લીટર ડીઝલ કિંમત રૂા. ૯૮,૭૦૦ તેમજ એક લાખની મારૂતી સ્વીફ્ટ કાર અને ૪૦ હજારની બે બાઈકો કબજે કરવામાં આવી હતી. પોલીસને જોઈ લુડબાયના અલીખાન જત અને કાદરખાન જત ભાગી જવામાં સફળ રહ્યા હતા. આધાર પુરાવા વગરનું ડીઝલ હોવાથી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**લુડબાયના બે ઈસમો ભાગી જવામાં સફળ રહ્યા**

## નમસ્કાર તીર્થે નવકાર મહામંત્રની નવ દિવસીય સાધના શિબિરનું આયોજન



ભુજ : કચ્છ વાગડના કર્ણધાર, પ.પૂ.અ. યોગી આ.ભ. શ્રીમદ્ વિજય કલાપૂર્ણસુરિશ્વરજી મ.સા.અને પ.પૂ.આ.ભ. વિજયકલાપ્રભ સુરીશ્વરજી મ.સા.ના દિવ્યાશીષ તેમજ વર્તમાન ગચ્છાધિપતિ,પ.પૂ.આ.ભ.શ્રીમદ્ વિજય કલ્પતરૂ સુરીશ્વરજી મ.સા.ની અનુજ્ઞાર્થી અને વિવિધ દાતાઓના સહયોગથી નમસ્કાર તીર્થે ૧૯-૫થી નવકાર મહામંત્રની નવ દિવસીય સાધના શિબિરનું આયોજન કરાયું છે.

ભચાઉ તાલુકાના રામદેવપીરની બાજુમાં આવેલ શ્રી નમસ્કાર તીર્થે આત્મસાધક, આચાર્યદેવ આનંદવર્ધન સુરીશ્વરજી મ.સા. તથા પ્રખર પ્રવચનકાર આચાર્યદેવ આત્મદર્શન સુરિશ્વરજીમ.સા. આદી પૂ.સાધુ - સાધ્વીજી ભગવંતોની પાવન નિશ્રામાં યોજનાર આ નવ દિવસીય શિબિરનો શુભારંભ તા. ૧૯-૫ સોમવારથી થશે અને તેની પૂર્ણાહુતિ તા.૨૭-૫ મંગળવારના થશે. જેમાં ૭થી ૭૦ વર્ષની વયના ભાવિકો જોડાઈ શકશે. શિબિરમાં નવકારને અનુરૂપ વિશિષ્ટ અનુષ્ઠાનો પ્રતિદિન વિવિધ મુદ્રામાં નવકાર જાપ, વિવિધ ધ્યાન યોગમાં નવકારજાપ પ્રતિદિન ગીત- સંગીતના સથવારે પરમાત્મા ભક્તિનો સ્નાત્ર મહોત્સવ સંધ્યા ભક્તિ આદી અનુષ્ઠાનો યોજાશે.

## મીઠીરોહરમાં લોખંડની પ્લેટો ચોરનારી ખારીરોહરની ત્રિપુટી પકડાઈ




ગાંધીધામ : તાલુકાના મીઠીરોહર જીઆઈડીસી ખાતે આવેલ કિરણ ગ્લોબ્સ કેમ્સ લીમીટેડ કંપનીના ગોડાઉનમાં રાખેલ લોખંડની ૧૨૦ કિલો પ્લેટ કિંમત રૂા. ૧.૪૪ લાખનો મુદ્દામાલ ચોરાઈ ગયો હતો. જે ગુનામાં બી ડિવિઝન પોલીસે બાતમીના આધારે ખારીરોહરના અબ્દુલ હાજી પરાર, રફીક ઉર્ફે ઉંદર કાસમ નિંગામણા, અસગર ઈલિયાસ સોઢાને ઝડપી લીધા છે. ખારીરોહરના જાકુબ ઈલીયાસ બુચડ અને કંડલાના અલી બુચડના નામ ખુલવા પામ્યા છે.

લોખંડની પ્લેટો અને ગુના કામે વપરાયેલ બોલેરો કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## ભચાઉમાં બે પોલીસ કર્મચારીની હત્યા કરવાના ચકચારી બનાવમાં ૨૨ વર્ષે આરોપી પકડાયો

**પૂર્વ કચ્છ એલસીબીએ રાજસ્થાનમાં પડાવ નાખી એક બાદ એક રીઢા ગુનેગારોને દબોચ્યા**



ગાંધીધામ : પૂર્વ કચ્છ જિલ્લામાં નાસતા ફરતા આરોપીઓને પકડવા માટે એસપી સાગર બાગમાર દ્વારા સુચના આપવામાં આવતા પોલીસની એક ટીમ રાજસ્થાનમાં છે અને વિવિધ ગુનાઓમાં સંડોવાયેલા આરોપીઓને પકડવામાં આવી રહ્યા છે. તેવામાં ભચાઉના ડબલ મર્ડર કેસમાં સંડોવાયેલા આરોપીને ૨૨ વર્ષે ઝડપી લેવાયો છે. આ બાબતે મળતી વિગતો મુજબ ૨૦૦૩ માં આરોપીઓએ ભચાઉમાં પોલીસ પર ગાડી ચડાવી હત્યા કરી હતી. ૧૫-૧૨-૨૦૨૩ ના મહિન્દ્રા પીકઅપ તથા ટાટા સુમો ગાડીમાં અંગ્રેજી દારૂ ભરીને આવતા હોવાની બાતમી આધારે વાહનોને પકડવા માટે નશાબંધી સ્ટ્રાઈકીગ ફોર્સ અને ભચાઉ પોલીસના કર્મચારીઓ લોધેશ્વરથી ખારોઈ જતા રોડ પર કુંજીસર ગામ નજીક રોડ પર વોચમાં હતા ત્યારે દારૂ ભરેલી ગાડી રોકવાનો પ્રયાસ કરતા આરોપીઓએ પોલીસ સ્ટાફને મારી નાખવાના ઈરાદે ગાડી ચડાવી દીધી હતી. જેમાં બે પોલીસ કર્મચારીના મોત થયા હતા જયારે એકને ઈજા થઈ હતી. આ બનાવમાં જે તે સમયે આઠ આરોપીની ધરપકડ થઈ હતી. રાજસ્થાનના બાડમેરમાં રહેતો કમળારામ મીરારામ ભીલ ૨૨ વર્ષથી આ ગુનામાં ફરાર હતો. તેને પૂર્વ કચ્છ એલસીબીની ટીમે દબોચી લઈ ભચાઉ પોલીસને હવાલે કર્યો છે.

## ડગાળામાં મંદિરોને અભડાવનાર બે ઈસમોને દબોચી લેવાયા



ભુજ : તાલુકાના ડગાળા ગામે આવેલા મોમાય માતાજીના મોટા મંદિર અને ચામુંડા માતાજીના મંદિરમાંથી રાત્રીના સમયે ચોરી થઈ હતી. અજાણ્યા ઈસમો દ્વારા રાત્રીના સમયે મંદિરમાં પ્રવેશ કરી દરવાજા તોડી દાન પેટીને નુકશાન કરવા સાથે મંદિરનો કેમેરો તોડી ડીવીઆર લઈ ગયા હતા.

મોમાય માતાજીના મંદિરે ૩૨ હજારનું નુકશાન થયું હતું. જયારે ચામુંડા માતાજીના મંદિરે કેમેરો તોડી ૧૫ હજારનું નુકશાન કરવામાં આવ્યું હતું. આ બન્ને મંદિરોમાં ચોરીના ઈરાદે કરવામાં આવેલી તોડફોડમાં ૪૭ હજારનું નુકશાન થયું હતું. જે બનાવમાં પધ્ધર પોલીસમાં ફરિયાદ થતા આરોપીઓનો ઝડપી લેવામાં આવ્યા છે. પધ્ધર પોલીસે તાત્કાલિક વર્કઆઉટ કરીને લેર સીમમાં આવેલ આશાપુરા કંપની પાસેથી બે ઈસમોને દબોચી લેવામાં આવ્યા હતા. જેમાં મુળ જુના દેઢીયાના હાલે લેર કંપની પાસે રહેતા ઉમર સીધીક સમા અને નાના દિનારાના જકરીયા અમીન સમાને ઝડપી લેવાયા હતા. આરોપી પાસેથી મોબાઈલ અને બાઈક કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## ચેક બાઉન્સના કેસમાં ટ્રાયલ કોર્ટનો ચુકાદો માન્ય રાખતી ભુજની અદાલત

ભુજ : ચેક બાઉન્સના જુદાજુદા બે કેસોમાં ટ્રાયલ કોર્ટના ચુકાદાને માન્ય રાખી એપેલન્ટ કોર્ટે આરોપીને પાલારા જેલમાં મોકલી આપવાનો ધાક બેસાડતો ચુકાદો આપ્યો હતો.

આ કેસની વિગત મુજબ ફરિયાદી નુરમામદ અલીમામદ ખત્રી (રહે ભુજ)એ આરોપી અદનાન ફકરૂદીન ટીનવાલા (રહે ભુજ)ને રૂા. ૯ લાખ ટુકડે ટુકડે હાથ ઉછીના આપ્યા હતા. તે રકમ પરત ચુકવવા આરોપીએ રૂા. પાંચ લાખ અને રૂા. ચાર લાખના બે ચેક આપ્યા હતા. બન્ને ચેક રીટર્ન થતાં બે અલગ અલગ કેસ કરવામાં આવ્યા હતા, જેમાં ટ્રાયલ કોર્ટે બંને કેસમાં અલગ અલગ એક - એક વર્ષની કેદ અને રૂા. ૧૧.૨૦ લાખનો દંડ ફટકાર્યો હતો. દંડની રકમમાંથી રૂા. ૧૦.૮૦ લાખ ફરિયાદીને ચુકવવા અને રૂા. ૪૦ હજાર સરકારી ફંડમાં જન્મ કરાવવા હુકમ કર્યો હતો. આરોપીએ ભુજની સેશન્સ કોર્ટમાં ટ્રાયલ કોર્ટનો હુકમ રદ કરવા અપીલ અરજી કરી હતી. તે અરજી અદાલતે નામંજૂર કરી આરોપીને કસ્ટડીમાં લઈ પાલારા જેલમાં રાખવાનો હુકમ કર્યો હતો. આ કેસમાં ફરિયાદીના વકિલ તરીકે અમીત એ. ઠક્કર અને પી.બી. મકવાણા હાજર રહ્યા હતા.

## સોમવારે ભુજ તાલુકાના બે માર્ગના કામનું ખાતમુહૂર્ત

ભુજ : તાલુકાના જદુરાથી ટપકેશ્વરી માર્ગના રિ-સરફેસિંગ તથા ચકારથી બંદરા રોડના કામનું ખાતમુહૂર્ત અંજાર વિસ્તારના ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગાના હસ્તે કરાશે. તા.૧૯/૫ના સવારે ૧૦વાગ્યે જદુરા જંકશન, રેહા-ભારાપર રોડ ખાતે યોજનાર કાર્યક્રમમાં ટપકેશ્વરી-જદુરા રોડ રિસફેસિંગ રૂા.૪૧૨.૦૦ લાખ તથા ચકારથી બંદરા રોડનું રિસરફેસિંગ કામ રૂા.૧૬૭ લાખના ખર્ચે કરવામાં આવશે. આ ખાતમુહૂર્તના કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના સદસ્ય, તાલુકા પંચાયતના સદસ્યો અને આજુબાજુના ગામના સરપંચો, ગામના લોકો હાજર રહેશે તેવું ભરતીય જનતા પાર્ટી ભુજ તાલુકાની યાદીમાં જણાવાયું છે.



**પ્રમાણીકતા દિપી ઉઠી**

દેવપર (ગઢ)ના જૈન દેરાસરના પુજારી દિપક મારાજનો મોબાઈલ વાડી વિસ્તારમાં ગુમ થઈ ગયો હતો. જે સ્થાનીક પ્રવિણભાઈને મળતાં માલિક દિપકભાઈને જાણ કરી પરત કર્યો હતો. જે બદલ આભાર માન્યો હતો.

## અમદાવાદ - મસ્કત વિમાની સેવા શરૂ કરવા વડાપ્રધાનને રજૂઆત

ભુજ : કચ્છના લોકો ઓમાન સહિતના દેશમાં રહેત છે. જેમને કચ્છમાં આવવા જવા માટે ફલાઈટ કરે છે. ત્યારે મસ્કત વિમાની સેવા શરૂ કરવા માટે વડાપ્રધાનને રજૂઆત કરવામાં આવી છે. કોરોના પછી અમદાવાદ - મસ્કત ફલાઈટ બંધ થઈ ગઈ છે, જે ફલાઈટ ચાલુ કરવા માટે વિવિધ સંસ્થાઓ, ચેમ્બર ઓફ કોમર્સ મસ્કત ગુજરાતી સમાજ, સાંસદ, પૂર્વ ધારાસભ્ય પંકજભાઈ મહેતા તેમજ અને સંસ્થાઓ દ્વારા રજૂઆતો થઈ સછે. ભારત અને ઓમાન વચ્ચે સારા સબંધો હોવા વતાં સેવા કેમ શરૂ કરાતી નથી તે સમજાતું નથી. મસ્કતમાં રહેતા કચ્છીઓને હાલાકી ભોગવવી પડતી હોય છે, જેથી અમદાવાદથી મસ્કત ફલાઈટ શરૂ કરવા માટે ભુજના ભૂપેન્દ્ર એમ. મહેતાએ પત્ર લખીને રજૂઆત કરવામાં આવી છે.

## હોમગાર્ડના પૂર્વ અધિકારીનું નિધન થતાં અંજલિ અપાઈ



ભુજ : શહેરના માજી હોમગાર્ડ પરિવાર દ્વારા તાજેતરમાં ભુજ શહેર યુનિટના પૂર્વ ઓફિસર કમાન્ડિંગ ચમનભાઈ કે. સોલંકીનું નિધન થતાં તેમને સંસ્થા દ્વારા અંજલિ અપાઈ હતી. સંસ્થાના પ્રમુખ ઈસ્માઈલભાઈ જુણેજા, પૂર્વ સ્ટાફ અધિકારી અવિનાશભાઈ વૈદ્ય, વિભાકરભાઈ અંતાણી, વારીશ પટ્ટણી તેમજ જયશ્રીબેન હાથીએ અંજલિ આપતા જણાવ્યું હતું કે, સ્વ. સોલંકી ભુજ શહેર હોમગાર્ડમાં સભ્ય તરીકે જોડાયા હતા અને ભુજ ઓફિસર કમાન્ડર સુધીનો ચાર્જ સંભાળેલ હતો. તેમણે હોમગાર્ડમાં ચૂંટણી ફરજ, પરેડ, વીઆઈપી બંદોબસ્ત, રક્તદાન, કુદરતી આફત સહિત નાગરિક સંરક્ષણમાં પણ વોર્ડન તરીકે માનદ ફરજ બજાવી હતી. તેઓને શ્રેષ્ઠ કામગીરી બદલ મુખ્યમંત્રી એવોર્ડ એનાયત થયો હતો. તેમની સેવાઓ આજે પણ લોકોના હૃદયમાં યાદ રહી છે. ગીતાજીના ૧૫માં અધ્યાયનું પઠન દર્શનાબેન મુન્સીએ કર્યુ હતું જયારે આશિષભાઈ વૈદ્યે સોફટવેરનું વાંચન કર્યું હતું.

## સામખિયાળીમાં ટ્રક હડફેટે બાઈક ચાલકને ગંભીર ઈજાઓ થઈ

ભચાઉ : ભચાઉ - સામખિયાળી હાઈવે રોડ પર સામખિયાળી ચામુંડા ચોકડી પાસે અકસ્માત થયો હતો. ૧૦ મેના સાંજે ચાર વાગ્યાના અરસામાં આ બનાવ બન્યો હતો. ફરિયાદી લોદ્રાણીના કુલદીપસિંહ ભરતસિંહ વાઘેલાના જણાવ્યા મુજબ આરોપી ટ્રક નંબર પીબી ૦૨ ઈસી ૧૦૫૪ ના ચાલકે પુરઝડપે ગાડી ચલાવી સાહેદની બાઈક નંબર જી.જે.૧૨. ડી.આર ૨૧૭૨ ને ટક્કર મારતા આ બાઈકના ચાલકને શરીરે ફ્રેકચર સહિતની ગંભીર ઈજાઓ થવા પામી હતી. અકસ્માત સર્જીને ચાલક ભાગી ગયો હતો. જેથી સામખિયાળી પોલીસમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી.

## શિકારપુર મારામારી પ્રકરણમાં બે આરોપીના આગોતરા જામીન મંજુર કરાયા

ભચાઉ : તાલુકાના શિકારપુર ગામમાં મારામારીના પ્રકરણમાં ૨ આરોપીઓના આગોતરા જામીન પર મુક્ત કરવાનો ભચાઉ કોર્ટે આદેશ આપ્યો છે.

કેસની વિગતે વાત કરીએ તો ભચાઉ તાલુકાના શિકારપુર ગામે આવેલા તળાવની પાળે ઢોરના વાળા ન કરવા બાબતે મનદુખ રાખી મંડળી રચી ફરીયાદીના ઘરમાં પ્રવેશ કરી માર મારવામાં આવ્યો હતો. તેમાં કાકી અને તેની દિકરીને ઈજાઓ પહોંચાડી હતી.આ અંગે ફરિયાદીએ સામખિયાળી પોલીસ સ્ટેશનમાં બીએનએસની વિવિ કલમો તળે ગુન્હો દાખલ કર્યો હતો. તેમાં આરોપીઓ પૈકીના ૨ આરોપીઓએ ભચાઉ સેસન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી દાખલ કરી હતી. આ જામીન અરજીની દલીલો દરમ્યાન ફરિયાદી તરફે વાંધાઓ રજુ થયા હતા. જેની સુનાવણી થતાં આક્ષેપિત ગુનાનો કેસ બનતો ન હોવાની પ્રથમ દ્દષ્ટિએ દલીલો કરી તેમને જામીન મુક્ત કરવા દલીલોને માન્ય રાખી આરોપી હમીર વીરમ રબારી તથા વીરમ ભૂરા રબારીને આગોતરા જામીન પર મુક્ત કરવા ભચાઉ સેશન્સ કોર્ટએ હુકમ કર્યો છે. આ કેસમાં આરોપી તરફે ગાંધીધામના ધારાશાસ્ત્રી ભાવિન જે. જોશી તથા નવીન આર. રબારીએ ધારદાર દલીલો કરી હતી.

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલીક ગંગારામ એલ. ભાનુશાલીએ કચ્છ ઉદય, પ્લોટ નં.૫૫, વોર્ડ નં.૧બી (જીઆઈડીસી), ૩૭૦૨૦૫ આદીપુર ખાતેથી છપાવી, પ્લોટ નં.૨૮૭, સેકટર-૧એ, ગાયત્રી મંદીરની બાજુમાં, ગાંધીધામ (કચ્છ)થી પ્રસિદ્ધ કર્યુ. ભુજ ઓફીસ : ૧૦ - આનંદ ચેમ્બર્સ, બીજા માળે, હોટલ પ્રિન્સની બાજુમાં, સ્ટેશન રોડ, ભુજ, ફોન : ૨૨૪૧૯૯, ૨૨૪૨૯૯, ૨૫૧૦૯૯ અંજાર બ્યુરો : નગરપાલિકા કોમ્પલેક્ષ, મામલતદાર કચેરીની સામે, ફોન : ૨૪૦૬૬૪, રાપર બ્યુરો : અંબાવી કોમ્પલેક્ષ, પાટીદાર વાડીની સામે, ફોન : ૨૬૩૧૮૫.

Editor, Printer, Publisher and Proprietor : Gangaram L. Bhanushali Printed at Kutchuday Plot No.55, Ward No.1B (GIDC), 370205 Adipur And Publish From Plot No.287, Sector-1A, Near Gayatri Temple, Gandhidham, Bhuj Office : 10, Anand Chembers, Second Floor, Near Hotel Prince, Station Road, Bhuj, Phone : 224199, 224299, 251099 Anjar Bureau : Nagarpalika Complex, Near Mamlatdar Office, Phone : 240644, Rapar Bureau : Ambavi Complex, Opp. Patidar Vadi, Phone : 263185.

# ભુજના હિલગાર્ડનમાં દર રવિવારે સંગીતની સૂરાવલીઓ ગુંજશે

**જિલ્લા મથક ભુજના સૌથી લોકપ્રિય ફરવાના સ્થળ પર નવી સુવિધાઓ વિકસાવાશે : ઉનાળુ વેકેશન શરૂ થતાં ગાર્ડનમાં સહેલાણીઓની સંખ્યામાં થયો વધારો : વિવિધ રાઈટ્સ અને માછલીઘર બન્યા આકર્ષણનું કેન્દ્ર**




### બાળકો માટે મનોજરંજનની પુરતી વ્યવસ્થા

ભુજ : શહેરના હિલગાર્ડનમાં પરિવારસહ ફરવા આવેલા ભુજના કોટક મહેશભાઈએ જણાવ્યું હતું કે, આ ગાર્ડન બાળકોના મનોરંજન માટે પુરતી સુવિધા ધરાવે છે. આ પરિસરમાં સ્વીમીંગ પુરતી વ્યવસ્થા શરૂ કરાય તો સોનામાં સુંગધ ભળે. હાલે ઉનાળુ વેકેશન દરમ્યાન શહેરના બાળકોને સ્વીમીંગ માટે સ્થાનિકે વ્યવસ્થા ન હોવાથી દૂર જવું પડે છે. જો હિલગાર્ડનમાં સ્વીમીંગપુલ શરૂ કરવામાં આવે તો ખુબ લોકપ્રિય થશે તેવું સૂચન તેમણે સંચાલક રોટરી કલબને કર્યું હતું.

### બોટીંગની સુવિધાને નિયમિત ચાલુ રહે તે ઈચ્છનીય

ભુજ : શહેરના પ્રમુખસ્વામી નગરના રહેવાસી પ્રશાંત જોષીએ શહેરના હિલગાર્ડનને બાળકો માટે મનોરંજનનું સૌથી ઉત્તમ સ્થળ ગણાવ્યું હતું. અહીં વિવિધ રાઈડસ, ગેમઝોન હોવાથી બાળકો હંમેશા હિલગાર્ડનમાં જવા ઉપસ્થિત રહે છે. ટ્રેન અને બોટીંગની સેવામાં પહેલા જેવા સુધારા કરવામાં આવે તેવી લાગણી વ્યક્ત કરવામાં આવી હતી. હિલગાર્ડને જ્યારે શરૂ કરાય હતો ત્યારે તેમાં વધુ રાઈડસ અને સુવિધાઓ હતી જે ધીમે - ધીમે બંધ થઈ ગઈ, તે હવે ફરી શરૂ કરાય તેવી લાગણી વ્યક્ત થઈ રહી છે. શહેરના મધ્યમાં આવતા હોઈ દરેક વર્ગને અનુકુળ હોઈ અહી સુવિધાઓ મોટા શહેરની જેમ વધારવામાં આવે તે જરૂરી છે.




ભુજ : બાગ-બગીચાઓ કોઈપણ શહેરની શોભા સાથે શહેરીજનો માટે હરવા-ફરવાનું મનપસંદ સ્થળ હોય છે. અબાલ-વૃદ્ધો સૌને બગીચાઓની શુદ્ધ હવા, શાંત વાતાવરણ અને પ્રકૃત્તિનું સાનિધ્ય પસંદ આવતું હોય છે. ભુજ શહેરમાં અનેક બાગ-બગીચાઓ આવેલા છે, પરંતુ નગરપાલિકા દ્વારા સંચાલિત બાગ-બગીચાઓની હાલત ખરાબ હોવાથી ભુજવાસીઓ માટે ઉનાળુ વેકેશનમાં બાળકોના મનોરંજન માટે એકમાત્ર હિલગાર્ડન જ બચ્યું છે. રોટરી કલબ દ્વારા સંચાલિત હિલગાર્ડનની લોકપ્રિયતા વધી છે. ખાસ કરીને ઉનાળુ વેકેશન શરૂ થતાં દરરોજ સાંજે મોટી સંખ્યામાં ભુજવાસીઓ ઉમટી પડે છે. ભુજવાસીઓ ઉપરાંત કચ્છ પ્રવાસે આવતા દરેક સહેલાણીઓને અભિભૂત કરતા હિલગાર્ડનમાં હવે દર રવિવારે ગીત-સંગીતની સૂરાવલીઓ ગુંજી ઉઠશે.

આ અંગે વિગત આપતા રોટરી પ્રેસિડેન્ટ ભાવેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, હિલગાર્ડનના સતત વકાસ માટે સંસ્થા સતત પ્રયત્નશીલ રહી છે. છેલ્લા બે વર્ષથી રોટરી ચેરિટેબલ ટ્રસ્ટના અધ્યક્ષ નવઘણભાઈ વાસણભાઈ આહિરના માર્ગદર્શન હેઠળ ચેરમેન નરેન્દ્રભાઈ મિરાણી અને રોટરી કલબ ઓફ ભુજના સહયોગથી ગાર્ડનને ડેવલપ કરવાની કામગીરી ચાલી રહી છે. આ સપ્તાહથી હિલગાર્ડનમાં સંગીતપ્રેમીઓ માટે નવું આકર્ષણ ઉમેરાશે. દર રવિવારે કારાઓકે સંગીતનો કાર્યક્રમ યોજાશે, જે સહેલાણીઓ અને સંગીત રસિકો માટે વધારાનું આકર્ષણ બનશે. હાલે ગાર્ડનમાં લોકોના મનોરંજન માટે વિવિધ પોઈન્ટ પર સ્પીકરના માધ્યમથી સંગીતના સૂરો રેલાવામાં આવી રહ્યા છે. કારાઓકે કાર્યક્રમ ઉપરાંત આ સપ્તાહથી ટોય ટ્રેન પણ પાટા પર દોડતી થઈ જશે.

રોટરી ચેરિટેબલ ટ્રસ્ટના વાઈસ પ્રેસિડેન્ટ ધર્મેન્ધદ્રસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, હિલગાર્ડનમાં રોટરીની થીમ આધારીત નવી વોલ ક્લોક લોકોના આકર્ષણનું કેન્દ્ર બનશે. હાલે હિલગાર્ડનમાં મનોરંજન માટે ૧૭ અલગ અલગ રાઈડ્સ સાથે ગેમઝોન, બોક્સ ક્રિકેટની સુવિધા ઉભી કરવામાં આવી છે. હિલગાર્ડનમાં ૧૭ હજાર નવા છોડનું વાવેતર કરવામાં આવ્યું છે. અગાઉ જે સ્થળોએ બાવળના ઝુંડ હતા ત્યાં લીમડો, ફુલઝાળ, વોટર પામ, ચીકુ, જાંબુના વૃક્ષોનું વાવેતર કરાયું છે. દરેક ઝાળને ફિલ્ટર કરેલું બોરનું પાણી નિયમિત અપાય છે. હિલગાર્ડનમાં લોક સુવિધા માટે જરૂર જણાઈ ત્યાં રસ્તા, લાઈટોની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે સાથે જ સુરક્ષા માટે સીસીટીવી કેમેરાની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. ગાર્ડનની જાળવણી માટે નિવૃત્ત ફોરેસ્ટ ઓફિસર એલ.કે. સુમરાની આગેવાનીમાં ૧૦ જણનો મેનેજમેન્ટ અને ૧૨ લોકોનો લેબર સ્ટાફ ગાર્ડનની સંભાળ રાખે છે.

સહેલાણીઓ માટે ઈમરજન્સી વખતે પ્રાથમિક આરોગ્ય સુવિધા ઉભી કરવાનું પણ આયોજન કરાયું છે. નજીવી પ્રવેશ ફીમાં બહારગામથી આવતા બાળપ્રવાસીઓના સમૂહને એન્ટ્રી ફીમાં ૫૦ ટકા રાહત પણ આપવામાં આવે છે. વર્ષ ૨૦૦૧માં કચ્છમાં આવેલા વિનાશક ભૂકંપ બાદ કચ્છનું નવસર્જન થયું છે, જેમાં તત્કાલિન મુખ્યમંત્રી અને હાલે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિઝનથી ભુજ અને કચ્છને પ્રકૃત્તિના સાનિધ્યમાં હિલગાર્ડનની ભેટ મળી છે. હાલે ઉનાળુ વેકેશન દરમ્યાન હરવા-ફરવા માટે ભુજનું હિલગાર્ડન દરેક કચ્છવાસીઓની પ્રથમ પસંદગી બન્યું છે.

તો બીજી તરફ હિલગાર્ડનના મુદ્દે અમુક સહેલાણીઓ એવી પણ વાત કરી હતી કે, હાલ સિક્યોરીટી કેમેરા અને સિક્યોરીટી ગાર્ડ પણ ઓછા દેખાઈ રહ્યા છે તેમાં વધારો કરવામાં આવે અને અગાઉથી લાઈટો ઓછી થઈ ગઈ છે તેમાં વધારો કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી. હાલ બોકસ ક્રિકેટ શરૂ કરાઈ છે જે મોડી રાત સુધી ખેલાય છે તે સંદર્ભે કોઈ નિર્ણય લેવાય તેવી માંગ પણ કરી હતી.

## અખિલ સોઢા માલદે પરિવાર ભાવ મિલન કાર્યક્રમ યોજાયો

**પરિવાર દ્વારા શોર્ય ગાથા ઈતિહાસને સપર્ક સેતુ ડિક્શનરી સાથે ભવ્ય ભાગવત કથાનું આયોજન કરાશેઃ કારોબારી વિવિધ સમિતિ બનાવાઈ**





નખત્રાણા : મૈયા મેરૂધામ આશ્રમ સમંડા મધ્યે અખિલ સોઢા માલદે પરિવારનો ભાવ મિલન કાર્યક્રમ યોજાયો હતો, જેમાં કચ્છ, જામનગર, મોરબી અને ગુજરાત ભરના ગામે ગામથી માલદે સોઢા ભાઈઓ બહેનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પરિવારના જ દેવીશ્રી ઈશ્વરપુરી માતાજીને અંતરબા માતાજી સચ્ચિયા ધામ નેત્રાને મહેમાનો ભૂદેવોના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમ ખુલ્લો મુકાયો હતો. તમામ ભાઈઓનું પરિવારની બાલિકાઓ દ્વારા કંકુ તિલકને ઢોલ શરણાઈ દ્વારા સ્વાગત કરાયું હતું.

મહેમાનોનું સ્વાગત પરંપરા મુજબ સાલ ઓઢાડી કરવા આવ્યું હતું. આર્શીવચન આપતા માતાજી ઈશ્વરપુરીજી પરિવાર એકતા સંગઠનને પરિવારના દેવો દેવીઓ પાળિયાના પૂજન અર્ચન થાય. ભાઈઓ માતાજી કૃપા વર્ષે સારા કાર્યો કરો ધર્મ કાર્યોને સભ્યતા સંસ્કૃતિ જાળવી સમય સાથે એકમેકથી એકબીજાને સુખદુઃખ ભાગીદાર થઈ પરિવારોનો સર્વાંગી વિકાસ થાય સાથે યુવાનો શિક્ષિત બની અને વ્યસન મુક્ત બને તેમ જાવ્યું હતું. સાથે દિકરીઓ વધુને વધુ શિક્ષિત બને તે પર ભાર મૂક્યો હતો. ભૂદેવ કિરણ મારાજે પાળિયાનો મહિમા બે હેતુ સમજાવતા કહ્યું કે સોઢાઓ ઈતિહાસ હંમેશા સંઘર્ષ ભર્યો રહ્યો છે. યુદ્ધ મેદાન હોય કે અન્ય મેદાન ધર્મ, નારી, ગાયો માટે સોઢોએ લીલા માથા આપ્યા છે એટલે આજે પણ ગામને પાદરે પાળિયાથી તમામ વર્ણો પૂજે છે. સમાજ આગેવાનો પૂર્વ નાયબ કલેક્ટર હિંમતસિંહ સોઢા, ખનુભા સોઢા, હમીરજી સોઢા, લક્ષ્મણસિંહ સોઢા, ગુમાનસિંહ સોઢા, રાણુભા સોઢા, એડવોક્ટ હરિસિંહ સોઢા, રાજદીપસિંહ સોઢા પ્રવચન કર્યા હતા.

અખિલ સોઢા માલદે પરિવારના આઈપીએસ, આઈએએસ, ડોક્ટરો, સીએ, વકીલો, ઈજનેરો, પત્રકારો રમતગમત વિશિષ્ટ સિદ્ધિ પાપ્ત કરેલ તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. પ્રથમ કારોબારીની રચના કરવામાં આવી હતી, જેમાં ૫૧ જણાનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આવનાર સમય પરિવારની શોર્ય ગાથા ઈતિહાસ સાથે સંપર્ક સેતુ ડિક્શનરી બનાવી વિમોચન ટૂંક સમય કરવામાં આવશે, જે માટે નવુભા સોઢાને એમની સમિતિને જવાબદારી સોંપાઈ છે. જનાણ ગામે પરિવારોના તમામ પાળિયા સ્થાપિત કરવામાં આવશે. આવનાર દિવસોમાં માલદે પરિવારના પિતૃ મોક્ષાર્થે ભાગવત કથાનું આયોજન કરવાની જાહેરાત કરવામાં આવી હતી. કથા માટે પરિવારોએ ડોનેશનની જાહેરાત કરતા સ્થળ પર જ ૫૦ લાખ એકત્ર થયા હતા. આયોજન પાર પાડવા રાનુભા સોઢાને તમામ જવાબદારી સોંપવા આવી હતી. કાર્યક્રમમાં વિવિધ મુદાઓ પર ચર્ચા કરાઈ હતી. આવનાર સમય કન્યા કેળવણી, વિધવા સહાય તેમજ શિક્ષણના આયોજન માટે રાજીપો વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમ દાતા તરીકે રણુભા સોઢા, નરસિહ સોઢા, વીરાજી સોઢા, રાજેન્દ્રસિંહ સોઢા, કરશનજી સોઢા, ગુમાનસિંહ સોઢા, દિલીપસિંહ સોઢા, ચતુરસિંહ સોઢા, વિરેન્દ્રસિંહ સોઢા રહ્યા હતા. સંચાલન લક્ષ્મણસિહ સોઢા, રણુભા સોઢા અને આભારવિધી વિરાજી સોઢાએ કરી હતી. વ્યવસ્થા નવુભા સોઢા, નરસિંહ સોઢા, ભુપેન્દ્રસિંહ સોઢા, ગિરિરાજસિંહ સોઢા, ગણપતસિંહ સોઢા સંભાળી હતી.

## ભુજ ભારતીય જૈન સંગઠન મહિલા પાંખની રચના કરાઈ


પ્રમુખ

ઉપપ્રમુખ

ઉપપ્રમુખ

મહામંત્રી

મંત્રી

મંત્રી

સંગઠન મંત્રી

સહમંત્રી

સહમંત્રી

સહમંત્રી

ખજાનચી

સહખજાનચી

સહખજાનચી

ભુજ : ભારતીય જૈન સંગઠન (બીજેએસ) ના રાષ્ટ્રીય અધ્યક્ષ નંદકુમાર સાંખલાની પ્રેરાણાથી કચ્છ બીજેએસના પ્રમુખ હિતેશ ખંડોલ, મહામંત્રી કૌશલભાઈ મહેતાના માર્ગદર્શનથી ભારતીય જૈન સંગઠન ભુજ શહેરના મહિલા પાંખની રચના કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે ગીતાબેન મુકેશભાઈ પારેખ, ઉપપ્રમુખ કાજલબેન મહેશભાઈ ગાંધી, પ્રિતીબેન મનિષભાઈ શેઠ, મહામંત્રી ફાલ્ગુનીબેન પ્રકાશભાઈ પારેખ, મંત્રી મનીષાબેન કેતનભાઈ મોરબીયા, રચનાબેન મેહુલભાઈ શાહ, સંગઠન મંત્રી વૈશાલીબેન જિન્દતભાઈ શાહ, સહમંત્રી સોનાલીબેન સ્નેહલભાઈ મહેતા, મીરાબેન સંદિપભાઈ શાહ, મિલીબેન રિશીભાઈ મહેતા, ખજાનચી સરલાબેન ભદ્રેશભાઈ દોશી, સહ ખજાનચી નિશાબેન હિતેશભાઈ ખંડોલ, મયુરીબેન પ્રકાશભાઈ દોશી વિગેરે હોદેદારોની નિમણૂક કરવામાં આવી છે. તેમને ઠેર ઠેરથી અભિનંદન મળી રહ્યા છે તેવું અંકિત ગાલાની યાદીમાં જણાવ્યું હતું.

## રાજ્ય સરકારના માહિતી ખાતા દ્વારા વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક-૨૦૨૫ તૈયાર

ભુજ : ધો.૧૦ અને ધો.૧૨ બાદ વિદ્યાર્થીઓ પોતાની કારકિર્દીનું ઘડતર કરી શકે તે માટે તેમને માર્ગદર્શન મળી રહે તે ઉદ્દેશ્ય સાથે ગુજરાત રાજ્ય સરકારના માહિતી ખાતા દ્વારા વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક-૨૦૨૫ તૈયાર કરવામાં આવ્યો છે. ગુજરાત રાજ્ય સરકારના માહિતી ખાતા દ્વારા તૈયાર કરવામાં આવેલા કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક-૨૦૨૫માં ધો.૧૦ અને ધો.૧૨ પછી કારકિર્દીના વિવિધ વિકલ્પો, વિનયન વિદ્યાશાખા, મેડિકલ- પેરામેડિકલ, રાજ્યની વિવિધ યુનિવર્સિટીઓમાં ચાલતા વિવિધ અભ્યાસક્રમો, એન્જિનિયરિંગ ક્ષેત્રની વિવિધ શાખાઓ, ફોરેન્સિક સાયન્સ ક્ષેત્રે ઉભરતી કારકિર્દી, વિદેશમાં અભ્યાસ અને નોકરીની તકો, પ્લાસ્ટિક ટેકનોલોજીના ક્ષેત્રમાં નોકરીની તકો, ડિજિટલ મીડિયા ક્ષેત્રે કારકિર્દી, સોફ્ટવેર, ક્વોન્ટમ કોમ્પ્યુટિંગ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ભારતીય સશસ્ત્રદળો, ફિલ્મ, કલા, અભિનય, કાયદા, જનસંપર્ક, કૃષિ, ડિઝાઈન કૌશલ્ય સહિતના ક્ષેત્રોમાં આધુનિક સમયમાં કારકિર્દીના ઉમદા વિકલ્પો સહિતનું માર્ગદર્શન આ કારકિર્દી વિશેષાંક-૨૦૨૫માં આપવામાં આવ્યું છે. દિવ્યાંગજનોના પુનવર્સન અને વિશેષ શિક્ષણના ક્ષેત્રમાં કારકિર્દીની તકો વિશે પણ આ અંકમાં સમાવિષ્ટ છે. ગુજરાતના વિખ્યાત લેખક જય વસાવડા, ભવેન કચ્છી, બી.એન. દસ્તૂર, રમેશ તન્ના, પુલક ત્રિવેદી, એસ.આર.વિજયવર્ગીય, અંકિત દેસાઇ સહિતના લેખકોના પ્રેરણાદાયી લેખો પણ સમાવિષ્ટ છે, જે વિદ્યાર્થીઓને ઉત્તમ ભવિષ્ય નિર્માણ માટે રાહ ચીંધશે. જિલ્લા માહિતી કચેરી, બહુમાળી ભવનની સામે, ભુજ ખાતેથી રૂબરૂમાં કચેરી સમય દરમિયાન (સવારે ૧૦.૩૦ થી સાંજે ૬.૧૦ વાગ્યા સુધી) રૂા.૨૦ની કિંમત ચૂકવીને કારકિર્દી વિશેષાંક-૨૦૨૫ પ્રાપ્ત થઈ શકશે.

### ના. સરોવરમાં વર્લ્ડ હાઈપર ટેન્શન-ડેની ઉજવણી કરાઈ



નારાયણ સરોવર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના આયુષ્માન આરોગ્ય મંદિર પાંન્ધ્રો ખાતે વર્લ્ડ હાઈપર ટેન્શન ડેની ઉજવણી કરાઈ હતી. બાળકો દ્વારા સાઈકલ રેલી યોજાઈ હતી. બાળકોને સાયકલિંગ, હાયપરટેન્શન તેમજ બિનચેપી રોગો વિશે માહિતી અપાઈ હતી. સાથે વડિલોના બીપી, ડીએમની ચેકઅપ કરાયું હતું.

## ભુજ ચેમ્બર ઓફ કોર્મસ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ફેડરેશન દ્વારા તુર્કી અને અજરબેજાન સાથે વેપાર-ટુરિઝમ બહિષ્કારનો નિર્ણય




ભુજ : ચેમ્બર ઓફ કોમર્સ અને ઈન્ડસ્ટ્રીઝ ફેડરેશન ભુજની બેઠકમાં તુર્કી અને અજરબેજર દેશ સાથે વેપાર તથા ટુરીઝમનો સંપૂર્ણ બહિષ્કાર કરવા નિર્ણય લેવાયો હતો.

ચેમ્બર ઓફ કોમર્સ અને ઈન્ડસ્ટ્રીઝ ફેડરેશન ભુજના પ્રમુખ અનિલભાઈ ગોરે જણાવ્યું હતું કે, ૨૦૨૩માં તુર્કીમાં ભૂકંપ આવ્યું હતું ત્યારે ભારત દ્વારા મદદ કરાઈ હતી એ બધું ભૂલી તુર્કીએ પાકિસ્તાનને સમર્થન કર્યું છે. પહેલાગામના હુમલા બાદ ભારત દ્વારા ઓપરેશન સિંદુર અંતર્ગત પાકિસ્તાનમાં એરસ્ટ્રાઈક કરાઈ હતી. પાકિસ્તાન દ્વારા પણ ડ્રોન અને મિસાઈલથી ભારત પર હુમલો કરાયો હતો. આ હુમલામાં વપરાયેલ ડ્રોન અને મિસાઈલ તુર્કી, ચીન તથા અજરબેજાન તરફથી આપવામાં આવ્યા હતા. ભારતમાંથી છેલ્લા દસ વર્ષમાં મોટા પ્રમાણમાં લોકો તુર્કી અને અજરબેજાનના ઈસ્તબુલ તથા બાકુ જેવા શહેરોમાં ફરવા અને વેડિંગ માટે જાય છે. આ દેશમાંથી દર વર્ષે ૧૪૦૦ કરોડના એપલ આયાત કરીએ છીએ.

તુર્કીનો મારબલ ૫૦૦૦ કરોડનો આપણે આયાત કરીએ છીએ અને અનેક વસ્તુઓ તુર્કી તથા અજરબેજાનથી મંગાવીએ છીએ, જેનાથી આ બન્ને દેશોના ઈકોનોમિમાં મોટા પ્રમાણમાં ફાયદો થાય છે, જેથી મિટીંગમાં તુર્કી અને અજરબેજાનનો સંપૂર્ણ બહિષ્કાર કરવાનો નિર્ણય લેવાયો હતો, જેને હાજર રહેલા દરેક સદસ્યોએ સહમતી આપી હતી. મારબલ એસો.ના પ્રમુખ વિજયભાઈ માંડલિયા દ્વારા તુર્કીથી મારબલ નહીં મંગાવવામાં આવે તેવું જણાવાયું હતું. જ્યારે ફ્રુટ એસો.ના પ્રમુખ અરવિંદભાઈએ જણાવ્યું હતું કે, તુર્કીનો કોઈ ફ્રુટ કચ્છમાં મંગાવવામાં નહીં આવે. આ ઉપરાંત સિમેન્ટ એસો.ના પ્રમુખ જમનાદાસ વેલજી અને પેન્ટ એસો.ના પ્રમુખ નિલેશ સંપટે પણ તુર્કી અને અજરબેજાનનો બહિષ્કાર કરવા જણાવ્યું હતું.

આ મિટીંગમાં જગદીશભાઈ ઝવેરી, અરવિંદ ઠક્કર, ભાવેશભાઈ ઠક્કર, વિમલભાઈ શાહ, મીતેષભાઈ ઠક્કર, મયુરભાઈ શાહ, ભાવિનભાઈ તન્ના, જાવેદભાઈ ખોજા, બાલકૃષ્ણ ઠક્કર, જગદીશભાઈ ઠક્કર, હિતેશભાઈ મોરબિયા, નિલેશભાઈ સપંટ વગેરે હાજર રહ્યા હતા.

## જન્મજાત નાક બ્લોકેજની સમસ્યાને કારણે એક એક શ્વાસ લેવા ઝઝુમતી મિરઝાપરની અસ્મિતાને પીડામાંથી મળી મુક્તિ

**પાંચ દીકરીના પિતા ખર્ચને પહોંચી વળે તેમ ન હોવાથી રાજ્ય સરકારે પિતાની ભૂમિકા ભજવી આયુષ્યમાન કાર્ડ હેઠળ અસ્મિતાનું નિઃશુલ્ક ઓપરેશન અને સારવાર કરાવી**



ભુજ : અસ્મિતા જન્મી ત્યારે જ નાકની ખામી હોવાથી શ્વાસ લેવામાં તકલીફ પડતી હતી. શ્વાસ લે તો પણ સીટી જેવો અવાજ આવે અને ઘણીવાર તો નાક બ્લોક થઈ જતાં મોઢાથી શ્વાસ લેવો પડે તેવી પરિસ્થિતિ સર્જાતી હતી. પાંચ બહેનોમાં સૌથી મોટી અસ્મિતાને નાનપણમાં ખાનગી દવાખાનામાં તપાસ કરતા નાકમાં હાડકું વધતું હોવાથી નાક બંધ થઈ જવાની સમસ્યા ઉભી થતી હોવાનું નિદાન કરતા ડોકટરોએ જણાવ્યું હતું કે, દીકરી ૧૬ વર્ષની થાય પછી જ આ ઓપરેશન કરી શકાય. પરંતુ અસ્મિતા ૧૮ વર્ષની થઈ ગઈ છતાં પરિવાર ઓપરેશન કરાવવા સક્ષમ ન હોવાથી અસ્મિતાને એક એક શ્વાસ લેવો પણ દુષ્કર બની ગયો હતો. ભુજ તાલુકાના મિરઝાપર ગામની ૧૮ વર્ષની અસ્મિતા મોહનલાલ ચારણ જણાવે છે કે, તે નાની હતી ત્યારથી જ મને નાક બ્લોક થઈ જવાની સમસ્યા થતી હતી. રાત્રે તેના માટે ઊંઘવું એક અગ્નિપરીક્ષા જેવું હતું. રાતે ઠંડક થતાં જ નાક બંધ થઈ જતું હોવાથી તેના માટે મીઠી નીંદર માણવી તો એક સપના સમાન બની ગયું હતું. એક દિવસ પરિવારના એક સભ્ય દ્વારા સરકાર દ્વારા અમલી આયુષ્યમાન યોજના હેઠળ કાર્ડ કઢાવી તેના મારફતે મફત સારવાર કરાવી શકાય છે. તે અંગેની માહિતી મળતા અમે આયુષ્યમાન કાર્ડ કઢાવીને ભુજના સિવિલ હોસ્પિટલમાં તપાસ અને બાદમાં ઓપરેશન કરાવ્યું હતું. જે સફળ રહેતા હાલ તે રાહતથી શ્વાસ લઈ શકે છે અને રાત્રે આરામથી નીંદર કરી કરી શકે છે. અસ્મિતાના પિતા મોહનલાલ જણાવે છે કે, સુથારી કામ કરીને તેઓ પરિવારનું ગુજરાન ચલાવે છે. તેમના માટે અસ્મિતાના ઓપરેશન માટે નાણા જોડવા મુશ્કેલ બની ગયા હતા. પરંતુ સરકારે તેમની આ જવાબદારી વહન કરીને ખરાઅર્થમાં વાલીની ભૂમિકા અદા કરી છે. આ બદલ તેમણે રાજ્ય સરકારનો આભાર વ્યકત કર્યો હતો.

## કચ્છના સરહદી ગામ હોડકોથી ધોરડો જતા માર્ગની હાલત દયનીય

**જિલ્લા પંચાયતના સદસ્યાની લેખીત રજુઆત**

ભુજ : અહીંથી ધોરડો જતા માર્ગમાં ભીરંડિયારાથી ધોરડો સુધીના માર્ગની નબળી કમગીરી બાબતે જિલ્લા પંચાયતના સદસ્યા રહીમાબેન જાની રાયસીએ ભુજના ધારાસભ્યને લેખિતમાં રજૂઆત કરી છે.

પત્રમાં ઉલ્લેખ કરાયા મુજબ ભીરંડિયારાથી ધોરડો જતા રોડ ટુરિઝમ તેમજ સ્થાનિક લોકો માટે અગત્યનો અને એક માત્ર રસ્તો છે. આ રસ્તા પરથી દેશ-વિદેશના પ્રવાસીઓ આવન-જાવન કરે છે ત્યારે સરકાર દ્વારા રણોત્સવ સમયે વખતો વખત કરોડો રૂપિયાનો બજેટ ફાળવી રસ્તો નવો બનાવે છે પરંતુ વહીવટી તંત્ર અને વગદાર કોન્ટ્રાક્ટર દ્વારા નબળી કામગીરી કરીને રણોત્સવના નામે રસ્તાનું રિપેરીંગ કરી રૂપિયાનો વેડફાટ થાય છે. તાજેતરની વાત કરીએ તો હજી ચોમાસાની સિઝન ચાલુ નથી થઈ અને કોઈ ભારે વાહનો અવર-જવર કરતા નથી. છતાં રોડની સાઈડો બેસી ગઈ છે. જૂનો અને નવો રોડ અલગ તરી આવે છે. વરસાદ પડતા તેના બે ફાટા પડી જશે. અગાઉ મેઈન રોડથી કાચા રસ્તે ગામ તરફ ઉતરવાનો ફાટકો દર વખતે બનાવાય છે પરંતુ તે હાલમાં બનાવવામાં આવ્યા નથી. જેના કારણે નાના વાહનોને ચડવા ઉતરવામાં વાહન ચાલકોને હાલાકી અને ચરિયાણ માટે જતા પશુઓને ચડવા ઉતરવા તકલીફ, ટ્રાફિક સમયે મોટા અકસ્માત થવાની ભીતિ છે. જ્યારે માર્ગની કામગીરી ચાલુ કરાય છે ત્યારે વહીવટી તંત્ર દ્વારા જવાબદાર ઈજનેર સ્થાનિકે હાજર રહેતા ન હોવાથી રસ્તાનું કામ નબળું કરાય છે, જ્યારે રસ્તાની કામગીરી કરાતી હતી ત્યારે અમુક ગામ તરફ વળવા માટે ૨૦૦થી ૩૦૦ મીટર રોડના કટકા કરવા જણાવાયું હતું. તે પણ કરવામાં આવ્યું નથી માટે અધૂરાશ રહેતા કામો ત્વરાએ પુરા કરી આપવા રજૂઆત કરાઈ છે.

## બજારભાવ

| ભુજ માર્કેટ યાર્ડ | |
|---|---|
| ૧૦૦ કિલોના ભાવ | |
| ગોવાર | ૪૭૬૧-૪૮૧૭ |
| વાલ | ૩૬૦૦-૪૦૦૦ |
| ભુજ માર્કેટ યાર્ડ | |
| ૪૦ કિલોના ભાવ | |
| એરંડા | ૨૪૩૬-૨૪૫૬ |
| રાયડો | ૨૦૦૦-૨૧૭૧ |
| ઈશબગુલ | ૩૫૦૦-૪૦૦૦ |
| અંજાર માર્કેટ યાર્ડ | |
| ૧૦૦ કિલોના ભાવ | |
| વરિયાળી | ૭૮૦૦-૮૮૦૦ |
| અજમો | ૭૧૦૦-૮૫૦૦ |
| અંજાર માર્કેટ યાર્ડ | |
| ૪૦ કિલોના ભાવ | |
| એરંડા | ૨૪૦૦-૨૪૮૯ |
| જીરૂ | ૭૮૦૦-૮૨૦૦ |
| ઈશબગુલ | ૪૩૦૦-૪૩૯૯ |
| રાયડો | ૨૧૦૦-૨૧૪૧ |
| રાપર માર્કેટ યાર્ડ | |
| જીરૂ | ૩૭૯૨ |
| એરંડા | ૧૨૦૫-૧૨૦૯ |
| ઈશબગુલ | ૧૩૫૦-૧૬૦૦ |
| ભચાઉ માર્કેટ યાર્ડ | |
| એરંડા | ૧૧૯૧-૧૨૨૩ |
| અજમો | ૧૧૭૦-૧૪૭૫ |
| સાખજીરૂ | ૪૦૦૦-૪૦૭૦ |
| રાયડો | ૧૦૩૦-૧૦૪૧ |

| ઈશબગુલ | ૨૦૦૦-૨૦૧૬ |
|---|---|
| ભુજ માર્કેટ યાર્ડ (૧ કે.જી.ના જથ્થાબંધ ભાવ) | |
| ડુંગળી | ૮-૧૪ |
| બટેટા | ૧૫-૧૮ |
| ટમેટા | ૧૦-૨૦ |
| લીલી ડુંગળી | ૮-૧૦ |
| મરચા | ૧૦-૪૦ |
| મરચી | ૧૫-૩૨ |
| રીંગણા કાળા | ૩-૧૨ |
| રીંગણા બાજરીયા | ૩-૧૦ |
| કોબી દેશી | ૪-૧૦ |
| કોબી | ૫-૧૫ |
| ફુલાવર | ૩૫-૫૦ |
| ફુલાવર દેશી | ૨૫-૩૫ |
| વટાણા | ૧૦૦-૧૨૦ |
| ધાણા | ૧૫-૩૦ |
| ભીંડા | ૮-૨૫ |
| કાકડી કાળી | ૫-૧૫ |
| કાકડી સફેદ | ૫-૧૫ |
| કાકડી ખીરા | ૨૦-૪૦ |
| પાલક | ૫-૧૨ |
| લસણ સુકું | ૫૦-૧૦૦ |
| લીંબુ | ૨૦-૭૦ |
| પીત્તાઈ ગાજર કેશરી | ૧૦-૨૦ |
| દુધી | ૨-૬ |
| આદુ | ૩૦-૫૦ |
| કારેલા | ૨૫-૫૦ |

| શક્કરિયા | ૨૫-૩૫ |
|---|---|
| ચોળા ડોલર | ૧૫-૩૦ |
| ગીલોડા | ૧૫-૨૫ |
| મરચા સીમલા | ૨૦-૪૦ |
| ગોવાર દેશી | ૪૦-૭૦ |
| ગોવાર | ૩૦-૭૦ |
| ગીસોડા | ૧૦-૪૦ |
| પરવળ | ૩૦-૬૦ |
| સરગવો | ૧૦-૨૨ |
| ગેલકા | ૨૦-૪૦ |
| કોળુ | ૧૦-૧૩ |
| બીટ | ૧૦-૨૦ |
| ભુજ ફ્રુટ બજાર | |
| કેળા કાચા | ૧૦-૨૦ |
| કેળા પાકા | ૨૦-૩૦ |
| પપૈયા કાચા | ૪-૮ |
| પપૈયા પાકા | ૫-૧૫ |
| જામફળ | ૨૦-૯૦ |
| ચીકુ | ૧૦-૩૦ |
| શક્કરટેટી | ૫-૨૦ |
| ફણસી | ૧૦૦-૧૫૦ |
| દાડમ | ૧૦-૮૦ |
| કલીંગર | ૫-૧૦ |
| કાચી કેરી | ૧૦-૨૦ |
| પાકી કેરી | ૨૫-૫૦ |
| કેસર કેરી | ૪૦-૧૦૦ |
| રાજાપુરી કેરી | ૪૦-૫૦ |

શહીદ પરિવારોની સરકાર કરે મદદ : **પેટ્રોલપંપ-ગેસ એજન્સીની કરો વ્યવસ્થા**

# કચ્છ-ગુજરાતથી લઈ ભારતભરના દેશભકતોની તે જ કહેવાય સાચી કદર

**શહીદોની અંતિમયાત્રામાં માત્ર અને માત્ર ફોટોસેશન કરી સસ્તી પ્રસિદ્ધી મેળવી લેવા પુરતા હાજર રહેવાના બદલે તેના પરિવારનો જીવન-નિર્વાહના વિકલ્પોનો કરવો જોઈએ વિચાર : શહીદના પરીવારને પેટ્રોલપંપ-રેશનીંગની દુકાન-ગેસની એજન્સી અથવા પાંચ-આઠ એકર જમીન આપવાની કરવી જોઇએ જાગેવાઈ, સરકારે પીએમ શહીદ ફંડનીઘોષણા કરી એક એકાઉન્ટ નંબર જાહેર કરવો જોઇએ સરકાર ન કરી શકે તો આમપ્રજા આ એકાઉન્ટમાં શહીદ પરીવારો માટે ફુલ નહી તો ફુલની પાંખડી યથાશકિત અનુદાન કરી અને બની શકે મદદરૂપ, ૧૪૦ કરોડ દેશવાસીઓ માત્ર એક-એક રૂપીયો નાખશે તો પણ ૧૪૦ કરોડ જેવી માતબર રકમ થઈ જશે જમા**

**દાતાઓ પહેલા અગાઉ આપેલા દાનનો હિસાબ માંગજો.!પછી જ હવે આપજો!**

## સરકાર નહી જાગે તો કચ્છના બની બેઠલ મોટાભાઈ સમાન અમુક વચેટીયાઓ તો શહીદોના નામે ઉઘરાણા કરવા છે તલપાપડ

**કાશ્મીરમાં કોઈ હુમલા થાય એટલે કચ્છની નખ્ખોદવાળવામાં જરા સહેજ પણ કસર ન છોડવાની છબી ધરાવતા આ મિત્ર નહી પણ દુશ્મનવાળાઓ તો નીતનવા કાર્યક્રમોના તાયફાઓ કરી શહીદ ફંડના નામે ખુદના ગજવા કરી જશે ગરમ : ભુંકપ - વાવાઝાડા - કારગીલ - પુલવામાં હુમલા વખતે પણ સૈનિક ફંડના કર્યા હતા નાટક, પછી કયાથી કેટલા ઉઘરાવાયા, કયા કેટલા પહોચાડયા તેની કોઈ જ માહીતીઓ આ બની બેઠલા મોટાભાઈએ આપી ન હોતી! હવે પહેલગામમાં પણ ફરીથી અન્યના ખભ્ભે બંદુક રાખી આચરી રહ્યા છે આવા જ કૃત્યો, આ ઉઘરાણા ખોરોને અનુદાન આપનારા ૧૦૦ વાર વિચારજો, તમારી મહેનતની રકમ ખરેખર દેશભકતો સુધી પહોચી રહી છે કે પછી દેશના ભકતોના નામે ચરી ખાનારાઓ જ ચાંઉ કરી જવાના છે..!**

ગાંધીધામ : પહેલગામના આતંકવાદી હુમલામાં શહીદ થયેલા પરીવારની વહારે સરકારે વેળાસર જ આવવાનુ વીચારવુ જોઈએ. તેમાં શહીદ થયેલા જવાનો તથા નિદોર્ષ નિહથ્થા માર્યા ગયેલા પ્રવાસીઓના પરીવારજનોની આર્થિક મજબુતી માટે પણ સરકારે કઈક વિચર કરવો જોઈએ. જો સરકાર આ બાબતે વહેલાસર નહી વિચારે તો આવા શહીદોના નામે પોતાન ઘર ભરનારા અથવા તો પોતાના સ્વાર્થ સાંધનારા એક યા બીજી રીતે ચરી ખાશે. જાણકારો કહી રહ્ છે કે, સરકાર નહી જાગે તો કચ્છના બની બેઠેલ મોટાભાઈ સમાન અમુક વચેટીયાઓ તો શહીદોના નામે ઉઘરાણા કરવા તત્પર જ બેઠા છે. આવા તત્વો શહીદોના નામે કોઈ પ્લેટફોર્મ ઉભા કરી લેશે, શહીદોના લાભાર્થે તેઓ આ નાટકો કરી રહ્યા છે તેવુ પણ દેખાડી દેશે, પરંતુ શહીદોના લાભ માટે જે રકમ આવશે તે કયાથી અને કોની પાસેથી કેટકેટલી આવશે અને તે કયા માધ્યમોથી પુરેપુરી શહીદોના પરીવારપાસે જ પહોચશે તેનો કોઈ જ રોડમેપ નહી દેખાડે તે જ મોટો સંશયનો વિષય બની રહ્યો છે. આ કચ્છના બની બેઠેલ મોટાભાઈ સમાન હરકત આચરનારાઓશહીદોના નામે ઉઘરાણા કર્યાની પહેલી વહેલી હરકત નહી હોય આ પહેલા પણ તેમના દ્વારા કરાયેલી આ વ્યસ્થાઓ શંકાના દાયરામાં આવી જ ચુકી છે.

ગાંધીધામ : કચ્છભરના પ્રબુદ્ધવર્ગની જો વાત માનીએ તો તેઓ ચોકકસથી કહી રહ્યા છે કે, ખરેખર ઓપરેશન સિંદુર દરમ્યાન કાશ્મીરમાં કે અન્યત્ર શહીદ થયા છે, અથવા તો પહેલગામના હુમલામાં જે નીદોર્ષ પ્રવાસીઓની હત્યા નિપજાવી છે તેમને પણ ખરેખર શહીદનો જ દરજ્જો આપી અને તેમના પરીવારજનોની મદદ માટે સરકારે વેળાસર વિચાર કરવો જોઈએ. જે નિહથ્થા પ્રવાસીઓને આતંકીઓએ મોતને ઘાટ ઉતારી દીધા તેઓના પ્રાણનો બદલો લેવા જ તો સૈન્યએ પ્રણ લીધુ અને આતંકને તહેસ નહેસ તેના ઘરમાં જઈને કરી દીધુ..! આજે ભારતીય સૈન્ય અને દેશની વીરતાનો પરચો આખી દુનીયાએ જોઈ લીધો છે.

પરંતુ પહેલગામના હુમલામાં જે લોકોને આતંકીઓએ માર્યા તેમાં કોઈના ઘરનો આધાર છીનવાઈ ગયો તો કોઈના માટે આવકનો મોટો સ્ત્રોત હતો તે બંધ થઈ જવા પામી ગયો છે. આ બાબતની ગંભીરતા સમજી અને સરકારે વેળાસર જ આવા પ્રવાસીઓના હતભાગીઓને પણ શહીદનો દરજ્જો આપી અને તેમને બનતી ત્વરાએ મદદ કરવી જોઈએ. જેમાં ખાસ કરીને આવા શહીદોને કયાંક રાશનનીદુકાન, પેટ્રોલપંપ કે પછી ગેસની એજન્સીઓ આપવાની વ્યવસ્થાઓ ગોઠવવી જોઈએ. જરૂર જણાય ત્યા આવા શહીદોને માટે અમુક એકર જમીનની પણ ફાળવણી કરવી જોઈએ. આવા પરીવારો ચોકકસથી તેમના આવકના સ્ત્રોત ગુમાવી દીધા છે. દેશને માટે પોતાના ઘરનો આધાર ખપાવી દેનાર પરિવારની મદદે આજે સરકાર ઉભી રહેશે તો અન્યોની પણ હિમંત બની રહેશે અને રાષ્ટ્રના હિતને માટે એક નહી તેથી વધારે વીરલાઓને સમર્પિત કરતા પણ કોઈ પરીવાર ખેદ નહી અનુભવ. પરંતુ હાલના સીનારીયો જોઈએ તો પેટ્રોલપંપ કહો કે રેશનીંગની દુકાનો કે પછી ગેસની એજન્સી જ શા માટે ન હોય..આ બધાની લ્હાણી હાલમાં તો કયાંક ને કયાંક ઝભ્ભાલેંગાવાળાને જ કરવામાં આવી રહી છે? મોટા ભાગનારાજકારણીઓ સીધા કે પરોક્ષ રીતે આ મુજબની સુવિધાઓ પર તરાપ મારીને બેઠા હોય તેવી સ્થિતી જ જોવાઈ રહી છે? જયારે કે, સરહદ પર મરવાનો વારો આવે તો કોણ જાય છે, દેશભકિતને વરેલો સૈનિક. આપણે કયારે હજુ સુધી સાંભળ્યુ છે કે, સરહદ પર દેશની સલામતી વ્યયસ્થા જોતા જોતા ઝભ્ભાલેંગાવાળાને ગોળી વાગી? કયારે નહી સાંભળીએ? તો પછી આટઆટલી બધી સવલતોની લ્હાણી તેમને માત્ર જ શા માટે? દેશ માટે મરે છે કોણ? કંઈક તો આ બાબતે વિચાર કરો.

જાણકારો તો એમ પણ કહી રહ્યા છે કે, કદાચ સરકાર દેશ માટે સર્વસ્વ ન્યોચ્છાવર કરનારને માટે કદાચ સરકાર આવી કોઈ જ વ્યવસ્થાઓ નથી કરી શકતી તો સરકારે ઝડપથી એક શહીદ ફંડ માટેનો એકાઉન્ટ નંબર સત્તાવાર રીતે જાહેર કરવો જોઈએ. આ એકાઉન્ટ નંબર માત્ર જાહેર કરશો અને તેમાં દેશની ૧૪૦ કરોડની જનતા માત્ર ૧-૧ રૂપીયો જમા કરશે તો પણ શહીદ ફંડમાં ગણતરીની મિનીટોમાં ૧૪૦ કરોડ રૂપીયા જમા થવા પામી જશે અને તેમાંથી દેશની રક્ષા કરતા શહાદતને વરેલા વીર શહીદના પરીવારજનોના નિર્વાહન માટે ચોકકસથી મોટી રકમની ફાળવણી સમાંતર તરીકે થઈ શકે તેમ છે. સીધો જ એકાઉન્ટ નંબર જાહેર થાય એટલે કોઈ વચેટીયાઓને તેમાં હાથની ખંજવાળ ઓછી કરી લેવાની પણ તક ન મળે અને સીધે સીધુ તે શહીદ ફંડમાં જ જાય. અને જો એવુ હોય તો દેશના વડાપ્રધાનશ્રી જ આ રીતનો પીએમ શહીદ ફંડની ઘોષણા કરે અને આ બધો જ કન્ટ્રાલ પોતાની પાસે રાખે. અને આ પણ કદાચ ન થઈ શકતુ હોય અથવા તો સરકાર આ રીતે કઈ ન કરે તો જે વિસ્તાર-શહેર-જિલ્લાએ દેશની રક્ષા કરતા જવાનને ગુમાવ્ય છે તે વિસ્તારોની અગ્રગણ્ય મજબુત સંસ્થાઓએ આ બાબતે વિચાર કરી અને આગળ આવવુ જોઈએ અને શહીદ ફંડનો એકાઉન્ટ નંબર જાહેર કરી સીધે સીધા જ શહીદોના પરીવારના ખાતામાં જરૂરી રકમ જાય તે માટેની વ્યવસ્થાઓ ઘડવાનુ અમલીકરણ કરવુ જોઈએ. જો સરકાર તબક્કે થાય તો સરકાર તબક્કે પેટ્રોલપંપ અથવા ગેસ એજન્સીઅ કે પછી પાંચ-આઠ એકર જમીન આપવાનું વીચારવુ જોઈએ, એમ ન થાય તો પીએમ શહીદ ફંડની જાહેરાત કરવી જોઈએ, તે ન કરે તો જે તે વિસ્તારના મજબુત સંસ્થાઓએ આગળ આવવુ જોઈએ, જો આ રીતે શહીદના પરીવારની ચિંતા કરવામાં આવે તો જ આપણે દેશભકતોની સાચી કદર કરી કહેવાશે તેવુ પ્રબુદ્ધવર્ગ કહી રહ્યો છે.

## તો માંડવી-મુંદ્રામાં પણ દાહોદ મનરેગા જેવુ કૌભાંડ ખુલે?

**મોટા ભાગના કામો કોના સગા-સબંધીઓને જ પધારાવ્યા છે?**

**પોતાના પાપ ઢાંકવા માટે દેશભકિતના તાયફાઓ કયો ઝભ્ભાલેંગાધારી કરી રહ્યો છે?**

**મનરેગામાં જે રીતે બચુ ખાબડના પુત્રની ૭૧ કરોડના કૌભાંડમાં ધરપકડ કરાઈ છે, તેવી જ રીતે જો સરકાર માંડવી-મુંદરા વિસ્તારમાં પણ ક્રોસ તપાસ કરાવશે તો રાજકીય છત્રછાયાથી જ પોતાના સબંધીઓને કાગળ પર થયેલા કામોની તગડી રકમોની લ્હાણી થયાનો થશે ખુલાસો? : બોર-કુવા રીચાર્જ કરવા સહિતના અપાયેલા અમુક કામોમાં પણ ભાઈ-ભત્રીજાવાદનો થાય ખુલાસો : જાણકારોની લાલબત્તી**

ગાંધીધામ : ગુજરાતમાં તાજેતરમાં જ રાજય સરકારના મંત્રી બચુ ખાબડના પુત્રનો ૭૧ કરોડનો મનરેગા કૌભાંડ ખુલવા પામતા આ કેસમાં તેની ધરપકડ થવા પામી છે. અહી તપાસમાં સામે આવ્યું છે કે, બચુ ખાબડના પુત્રની એજન્સીને અપાયેલા કામો માત્ર કાગળ પર જ થયા અને બીલો ઉધારાઈ ગયા. આ આરોપો પુરવાર થવા પામી જતા હવે રાજયભરમાં આવા અલગ અલગ પ્રકરણોને લઈને ચર્ચાઓ તેજ બનવા પામી ગઈ છે. જાણકારો કહી રહ્યા છે કે, જો કચ્છમાં પણ ખાસ કરીને માંડવી-મુંદરા વિસ્તારમાં ઉંડી તપાસ કરવામાં આવે તો દાહોદના મનરેગા જેવું જ બીજું કૌભાંડ ખુલવા પામી શકે તેમ મનાય છે. અહી તપાસ કરવાની જરૂર છે કે કુવા-બોર રીચાર્ઝ કરવા સહિતના અમુક કામો અહી પણ કાગળ પર ચાલી રહ્યા હોવાનુ મનાય છે. તપાસ કરવી જોઈએ કે કોના સગા-સબંધીઓ અહી મોટાભાગે આવા કામો કરી રહ્યા છે? કચ્છના જળ સ્તર ઉંચા લાવવાના નામે અહીથી કોણ પોતાના સગા સબંધીઓના નામો આવા ડમી કામો દેખાડી મોટી રકમ ખાઈ રહ્યું છે? જાણકારો કહે છે કે, પોતાના પાપો આવા અમુક તત્વો ઢાંકવાને માટે નીતનવા દેશહિતના તાયફાઓ પણ કરવામાં પડદા પાછળથી આવા જ તત્વોનો હાથ હોવાનુ ચર્ચાય છે.

## માંડવી શહેરની બજારોમાં વરસાદી પાણી ભરાવાની સમસ્યાનો અંત આવશે : ધારાસભ્ય



**રૂકમાવતી બ્રિજથી પોર્ટ સુધીના રસ્તાનું રિસસિંગ અને પુલિયાના રૂપિયા દોઢ કરોડના કામનું ખાતમુર્હુત**

માંડવી : શહેરના રૂકમાવતી પુલથી પોર્ટ સુધીના રસ્તાનો રિસર્ફસિંગ અને વરસાદી પાણી ભરાવાની સમસ્યાને હળવી કરવા માટે ધારાસભ્યના હસ્તે કરવામાં આવ્યું હતું. જોષી બ્રધર્સ પેટ્રોલ પંપ પાસે આયોજિત કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી માંડવી શહેરની બજારોમાં વરસાદી પાણી ભરાવાની સમસ્યાઓનો અંત આવશે અને શહેરમાં વિવિધ જગ્યાઓએ ભરાતા વરસાદીપાણીના નિંકાલ માટે રાજ્ય સરકાર દ્વારા ૧૬.૫ કરોડ જેટલી માતબર રકમ ફાળવવામાં આવી છે અને તેના ઉપર નગરપાલિકા દ્વારા પૂરજોશમાં કામચાલુ છે. નાલા ઉપરના દબાણો લોકો જાગૃ ત બની સ્વેચ્છાએ હટાવે અને તળાવની આવનું કામ ચાલી રહ્યું છે જેથી કેનાલમાં કચરો લોકો નફેંકે અને પોતાનો નાગરિક ધર્મબજાવે તેમણે ઓપરેશન સિંદૂરને લઈને કહ્યુ હતું કે સૈન્યના પરાક્રમને વખાણવો જોઈએ અને નકારાત્મક પ્રચાર ન ફેલાય તેવી પણ ટકોર કરી હતી. પૂર્વ નગરપતિ મેહુલભાઇ શાહે આ પુલના નિર્માણથી વરસાદમાં પડતી મુશ્કેલીઓ હવે વ્યાપારી મિત્રોને નહીં થાય. પ્રારંભ સ્વાગત પ્રવચન કાઉન્સિલરે કર્યુ હતું. ધારાસભ્યનો સન્માન કાદરભાઇ ઉઠાર તેમ ગીતાબેન ગોર દ્વારા તેમજ મેહુલભાઈ શાહનું સન્માન કરાયું હતું.

કાર્યક્રમમાં અમૂલ દેઢીયા, વી કે સોલંકી માર્ગ મકાનના બી.એચ બલદાણીયા તેમજ પી એચ જાડેજા અને બહોડી સંખ્યામાં શહેરીજનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન વિજય ચૌહાણ અને આભાર વિધિ ઉદય ધકાણે કરી હતી.

## કુતિયાણામાં વાહન ચેકિંગ દરમિયાન કચ્છના ઈસમો હથિયાર સાથે પકડાયા



**પોલીસે મુદ્દામાલ કબજે કરી ઈરાદો જાણવા માટે તપાસ આદરી**

પોરબંદર : જિલ્લામાં કુતિયાણા પોલીસે કચ્છ-ભુજની ધાડપાડુ ગેંગના ૬ શખ્સોને પ્રાણઘાતક હથિયારો સાથે ઝડપી પાડ્યા છે. કોન્સ્ટેબલ અક્ષય ઝાલા અને જશવંતસિંહને મળેલી બાતમીના આધારે પોલીસે દેવાંગી સર્કલ નજીક વાહન ચેકિંગ દરમિયાન એક બ્લુ કલરની કારને રોકી હતી.

કારની તપાસ દરમિયાન પોલીસે લોખંડનો પાઈપ, બેઝબોલનો ધોકો, છરી, કેબલ કટર, ત્રણ હેક્સો, આઠ હેક્સો બ્લેડ અને છ એન્ડ્રોઈડ મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૩,૩૪,૮૨૫નો મુદ્દામાલ કબજે કર્યો છે. પકડાયેલા આરોપ ીઓમાં જુમાભાઈ થેબા, અસલમ સુમારભાઈ ત્રાયા, સુલતાન સુમારભાઈ મેર, અબ્બાસ અલીમામદ કકલ, સધામ સુલેમાનભાઈ મમણ અને જેટ જુસબભાઈ ગગડાનો સમાવેશ થાય છે.હાલ પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ગાંધીધામ ખાતે આજે ભવ્ય તિરંગા યાત્રા

ગાંધીધામ : રાષ્ટ્રની રક્ષા કરતાં વીર જવાનોનાં સન્માનમાં ગાંધીધામ ખાતે યોજાનારી ભવ્ય તિરંગા યાત્રા સ્થળ - ગાંધી માર્કેટથી ઝંડા ચોક સુધી તારીખ: ૧૮-૦૫-૨૦૨૫ સમય: સાંજે ૫:૦૦ કલાકે આ યાત્રામાં આપનો સન્માનજનક ઉપ સ્થિતી આપના રાષ્ટ્રપ્રેમ અને વીર જવાનો પ્રત્યેની કૃતજ્ઞતા વ્યક્ત કરશે. અમે આપને તથા આપના પરિવારને આ રાષ્ટ્રીય ગૌરવ યાત્રામાં સહભાગી થવા માટે હાર્દિક આમંત્રણ પાઠવીએ છીએ.

## પહેલા પાનાથી...

**વિકસીત ભારત**

આ સહકારી મહાસંમેલનનો મુખ્ય ઉદેશ છે. જે અંતર્ગત કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રી અમિત શાહ દ્વારા વિવિધ સીમાચીહ્નરૂપ પ્રકલ્પોથી પણ રાજયની સહકારી સંસ્થાઓને આ મહાસંમેલનમા માહીતગાર કરવામા આવ્યા હતા. સહકારી સંસ્થાઓનો વિકાસ, પ્રગતી, સંચાલન અને વહીવટમાં સહકાર મંત્રાલયની વિવિધ પહેલ કેવી રીતે ઉપયોગ થશે તે અંગે પણ શ્રી શાહે આ મહાસંમેલનમાં ઉદબોધન દરમ્યાન જણાવ્યુ હતુ.

## મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન અંતર્ગત મેદસ્વી બાળકો માટે નિ:શૂલ્ક સમર યોગ કેમ્પનું આયોજન

ભુજ : સ્વસ્થ રહેવાનો સચોટ માર્ગ એટલે યોગ. કસરત, યોગ, પ્રાણાયામ સ્વાસ્થ્ય માટે આવશ્યક છે. યોગથી શારીરિક અને માનસિક સ્વસ્થ રહી શકાય છે. યોગ થકી બાળકોની તેજસ્વીતા અને એકાગ્રતામાં વધારો થાય તથા મેદસ્વિતાને નાથવા મદદરૂપ બને છે. ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા બાળકો સ્વસ્થ, તેજસ્વી અને મેદસ્વિતા મુક્ત બની શકે તે હેતુથી જિલ્લામાં નિ:શૂલ્ક સમર યોગ કેમ્પ યોજાનાર છે ત્યારે આપના બાળકોને તેનો ભાગ બનાવીએ.

ગુજરાત રાજય યોગ બોર્ડ દ્વારા રાજયના ૩૩ જિલ્લાઓ અને ૮ મહાનગરપાલિકાઓમાં આ કેમ્પનું આયોજન કરવામાં આવશે. જેમાં દરેક બાળકોને અનુભવી અને સર્ટિફાઇડ યોગ શિક્ષકો દ્વારા પુરતી તાલીમ તેમજ ઘરે નિયમિત યોગ કરી શકાય તેવી માહિતી પુસ્તિકા અને કૅમ્પના અંતે દરેક બાળકોને સર્ટિફિકેટ આપવામાં આવશે. આ કેમ્પનું ક્ષ્રજઅહ્વૈ.હ વેબસાઈટ પર ફ્રિ રજિસ્ટ્રેશન કરાવી લાભ લઈ શકાય છે. સમર યોગ કેમ્પ ૩૦ મે સુધી ચાલશે. યોગ થકી બાળકો સ્વસ્થ, તેજસ્વી અને મેદસ્વિતા મુક્ત બની શકે તે હેતુથી ૭ થી ૧૫ વર્ષના બાળકો રજિસ્ટ્રેશન કરાવી આ કેમ્પનો લાભ લઈ શકે છે. હાલ મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન વેગવંતુ છે, જે અંતર્ગત આ વર્ષે મેદસ્વીતાથી પીડાતા બાળકો માટે સરકાર દ્વારા સમર યોગ કેમ્પનું વિશેષ આયોજ ન કરેલ છે. કેમ્પનો સમય સવારે ૭ થી ૯ કલાક સુધીનો રહેશે.

## પુત્રની ધરપકડ બાદ મંત્રી બચુ ખાબડની મુશ્કેલી વધી

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ : ગરીબોને રોજગારી આપતી મનરેગા યોજનાને પણ મંત્રી પુત્રોએ કમાણીની યોજના બનાવી દીધી હતી. હવે જ્યારે મંત્રી બચુ ખાબડના પુત્ર બળવંત ખાબડની ધરપકડ કરવામાં આવી છે જેના પગલે રાજકારણ ગરમાયુ છે. આ સમગ્ર પ્રકરણમાં કોંગ્રેસ પ્રતિનિધિમંડળે સ્થળ તપાસ કરતાં એવો ઘટસ્ફોટ થયો છેકે, મંત્રી પુત્રોએ ચેકડેમ, હેન્ડપંપ-પાણીના બોર, માટી મેટલના રસ્તા બનાવ્યાં વિના જ બારોબાર જ બિલો પાસ કરાવી લાખો કરોડો સેરવી લીધા હતાં.

એવો આક્ષેપ કરાયો છે કે, ખુદ મંત્રી બચુ ખાબડે જ સત્તાનો દૂરપયોગ કરી પુત્રોને મનરેગાના કામો અપાવી ફાયદો કરાવ્યો હતો. દાહોદ જીલ્લાના માત્ર બે તાલુકામાં જ રૂા.૭૧ કરોડનો ભ્રષ્ટાચાર થયો છે. જો વધુ વધુ ત તપાસ કરાય તો રૂા. ૨૦૦ કરોડનો ભ્રષ્ટાચાર બહાર આવે તેવી શક્યતા છે. દાહોદ જીલ્લામાં દેવગઢબારિયા અને ધાનપુર તાલુકામાં મનરેગાના બધાય કામો મંત્રીપુત્રોની એજન્સી શ્રી રાજ ટ્રેડર્સ અને શ્રી રાજ કન્સ્ટ્રકશન કંપનીને આપવામાં આવ્યાં હતાં. આ બંને એજન્સીઓએ પિતાના રાજકીય વગનો ઉપયોગ કરીને ધૂમ ભ્રષ્ટાચાર આચર્યો હતો. આ મુદ્દે મુખ્યમંત્રી સુધી લેખિત ફરિયાદ કરાઈ છે. એટલું જ નહી વિધાનસભામાં મુદ્દો ઉછળ્યો હતો. આમ છતાંય સરકારના પેટનું પાણી હાલ્યુ ન હતુ. આખરે તપાસના આદેશ અપાયા હતાં.

## ગુજરાતના દરીયામાં મોટી હલચલ : શંકાસ્પદ બોટ દેખાઈ : કોસ્ટગાર્ડ એલર્ટ મોડમાં

ગાંધીનગર : ગુજરાતના દરીયામાં આજે મોટી હલચલ જોવા મળી આવી છે. એક શંકાસ્પદ બોટ દેખાતા માછીમારે તે અંગે જાણ કરતા કોસ્ટગાર્ડ એલર્ટ મોડમાં આવી ગયુ હતુ. કોસ્ટગાર્ડ દ્વારા આ બોટમાં નીચે ઉતરી અને તપાસ કરવામાં આવ હતી. આ બોટમાં કોઈ જ શખ્સો જોવા નથી મળ્યા. જો કે, આ ઘટના બાદ માછીમારોને પરત બોલાવી લેવાયા છે અને ટોકન પણ આપવાના બંધ કરાયા છે. આ બોટ જાફરાબાદના દરીયાઈ વિસ્તારમાં જોવા મળ્યુ હતુ.

## તો ભુજ-નલિયા વચ્ચે ચાલુ મહિનાથી જ ટ્રેન શરૂ થશે

**બુધવારે રેલવેના અધિકારીઓ દ્વારા ભુજ - નલિયા વચ્ચે ટ્રેનનું કરાશે ટ્રાયલ : ઈલેકટ્રીફીકેશનનું કામ પૂર્ણ થતાં ટ્રેક પર સંપૂર્ણ ટ્રેન દોડાવી દરેક સ્ટેશને સ્ટોપ અપાશે : ટ્રાયલ સફળ રહ્યું અને લીલીઝંડી મળતાં રેલ સેવા શરૂ થશે**

ભુજ : ભુજ - નલિયા વચ્ચે ટ્રેકનું કામ પૂર્ણ થયા બાદ આ કામ જખૌ તરફ આગળ વધ્યું છે. ભુજ - નલિયા વચ્ચે હાલમાં માલગાડી દોડી રહી છે. પેસેન્જર ટ્રેન દોડાવવા માટે ઈલેકટ્રીફીકેશનની જરૂરિયાત છે. હાલ કચ્છથી મુંબઈ અને દિલ્હીની ટ્રેન દોડી રહી છે. જે સંપૂર્ણ ઈલેકટ્રીક એન્જીન સાથે દોડે છે. મુંબઈ કે, દિલ્હીની ટ્રેન નલિયા સુધી લંબાવવામાં આવશે. પેસેન્જર ટ્રેન દોડાવવા માટે નલિયા સુધી ઈલેકટ્રીફીકેશન જરૂરી હોતા આ કામ પૂર્ણ કરવામાં આવ્યું છે. અને આગામી ૨૧મી તારીખે બુધવારે મુંબઈ રેલવે વિભાગના ઉચ્ચ અધિકારી રંજન વાસ્તવ અને તેમની ટીમ નલિયા રેલવે ટ્રેકનું નિરીક્ષણ કરશે. સવારે ૯ વાગ્યે નલિયા તરફ રવાના થનારી ટ્રેન બપોરે ૧થી ૧.૩૦ વાગ્યા સુધીમાં ટ્રાયલ પૂર્ણ કરશે. વચ્ચેના તમામ સ્ટેશનો પર ટ્રેન રોકાણ કરશે. જો આ ટ્રાયલ સફળ રહ્યું તો ચાલુ મહિનાના અંત કે, જુનના પ્રારંભથી પેસેન્જર ટ્રેન સેવા શરૂ થવાની આશા બંધાઈ છે. અબડાસા તાલુકાના નલિયા મથક માટે મુસાફર ટ્રેનની સેવા શરૂ થવાની તૈયારીઓ પૂર્ણતાના આરે છે. ભુજ - નલિયા વચ્ચેના ૧૦૧ કિલોમીટર લાંબા રેલવે ટ્રેક પર ઇલેક્ટ્રિફિકેશનનું કામ ફેબ્રુઆરી માસમાં પૂર્ણ થયું હતું. હવે વિદ્યુત ટ્રેન સેવા શરૂ કરવા માટેની તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. ટ્રેકના વિદ્યુતીકરણનો વિસ્તૃત અહેવાલ મુંબઈની ચર્ચગેટ સ્થિત રેલવે વડી કચેરીને ગત માર્ચ મહિનામાં મોકલી દેવામાં આવ્યો હતો. હવે આ માટેની ટ્રાયલ સફળ રહેશે તો ચાલુ સપ્તાહના અંતે નિયમિત મુસાફર ટ્રેન સેવા શરૂ થઈ શકે છે. આ વિકાસથી માત્ર પશ્ચિમ કચ્છના જ નહીં, પરંતુ અન્ય વિસ્તારોમાં વસતા આ વિસ્તારના કચ્છી લોકો માટે પણ મુસાફરી સરળ બનશે. નલિયાવાસીઓને લાંબા સમય બાદ રેલ મુસાફરીની સુવિધા ફરી એક વખત ઉપલબ્ધ થશે.

## આદિપુર લોહાણા સમાજ નવી કારોબારી સભ્યોની વરણી



આદિપુર : તાજેતરમાં આદિપુર લોહાણા સમાજના પ્રમુખ અશોકભાઈ કારિયાના અધ્યક્ષ સ્થાને સામાન્ય સભા મળી હતી. જેમાં વર્ષ ૨૦૨૫થી ૨૮ની નવી કારોબારીની રચના કરવામાં આવી હતી, જેમાં પ્રમુખ મનીષભાઈ ડી. મજીઠિયા, ઉપપ્રમુખ ભરતભાઈ કે. રૂપારેલ, કેતનભાઈ વી. ચંદે મંત્રી અતુલભાઈ ડી. ઠક્કર, સહમંત્રી વિપુલભાઈ એન. હાલાણી, ખજાનચી રમેશભાઈ વી. કારિયા, ઓડીટર જીતેન્દ્રભાઈ કે. મજીઠિયા, આરોગ્ય સમિતિના અધ્યક્ષ તરીકે ધીરેન્દ્રભાઈ ડી. તન્ના, ઉત્સવ સમિતિના દર્શનભાઈ બી. રાજદે, રમતગમતના દિલીપભાઈ જી. મજીઠિયા, શિક્ષણ સમિતિના પરેશભાઈ એમ. રૂપારેલ અને જગદીશભાઈ તથા કારોબારી સભ્યોમાં અશોકભાઈ એમ. કારિયા, શામજીભાઈ એન. સચદે, બિપિનભાઈ વી. દાવડા, જગદીશભાઈ જે. ભીડે, યોગેશભાઈ એસ. મજીઠિયા, અશોકભાઈ આર., શાંતિલાલ કે. ચંદે, અલ્પેશભાઈ ડી. માણેક, ચુનિલાલની સર્વાનુમતે વરણી કરાઈ હતી. નિમણુક બદલ સર્વેને ઠેર-ઠેરથી અભિનંદન મળી રહ્યા છે.

# શિક્ષણ સમાજનિર્માણનો પાયો














## કેરા - કુંદનપર લેવા પટેલ શિક્ષણ ટ્રસ્ટ ખાતે આચાર્ય મહારાજને ગુરુ વશિષ્ઠ ઋષિ એવોર્ડ અપાયો : સંસ્થાન પરિવાર દ્વારા ૪૦ લાખનું શિક્ષણ દાન આપી મુક્ત જીવન મહિલા કોલેજનો ઋણ સ્વીકારાયું

ભુજ : કેરા-કુંદન પર લેવા પટેલ શિક્ષણ ટ્રસ્ટ ખાતે આચાર્ય મહારાજ જીતેન્દ્રિપ્રિયદાસજી સ્વામીને ગુરૂ વશિષ્ઠ ઋષિ એવોર્ડ આપતા આવો ભાવ વ્યક્ત થયો હતો. ગાદી સંસ્થાન પરિવાર દ્વારા ૧૫૮ વર્ષ જૂની હાઈસ્કૂલ અને સંકુલ માટે વધુ ૪૦ લાખનું દાન જાહેર કરાયું હતું. આચાર્ય મહારાજ જીતેન્દ્રિપ્રિયદાસજી સ્વામીએ કહ્યું - શિક્ષણ સંસ્થાઓએ કેળવણીમાં ક્યારેય નફાની આશા ન રાખવી જોઈએ. શિક્ષણમાં પડતી નાણાકીય ખોટ વાસ્તવમાં ખોટ નથી, સમાજ નિર્માણનો પાયો છે. કચ્છમાં કણબી સમુદાય માટે શિક્ષણનો પ્રારંભ મહામુક્ત અબજીબાપા, રામપરના ધનબાઈ ફઈબા, અક્ષરજીવન સ્વામીએ કરાવ્યો હતો. તે પછી ભુજમાં મુક્તજીવન સ્વામીબાપા મહિલા આર્ટસ - કોમર્સ અને બી. સી. એ. કોલેજની સ્થાપના થી કન્યા કેળવણી ક્ષેત્રે ક્રાંતિ થઈ હતી. ગુરૂ સ્મૃતિમાં આ કોલેજની સ્થાપના કરનાર વેદરત્ન આચાર્ય પુરૂષોત્તમપ્રિયદાસજી સ્વામીને સગૌરવ સ્મરાયા હતા. સંસ્થાના શિક્ષણ સુવિધાના વિકાસમાં ૩૧ લાખ, ૫ લાખ, એક-એક લાખના અનેક દાનની સરવાણી વહાવનારને પહેરામણી કરાઈ હતી.

મુક્તજીવન સ્વામીબાપાએ શ્રી હરિના આદેશથી સ્થાપેલ મણિનગર સ્વામિનારાયણ ગાદી સંસ્થાન રાષ્ટ્ર સેવા, સમાજ સેવા, અબોલ જીવો, જળસંચય, કુદરતી- માનવસર્જિત આપત્તિ રાહત કાર્ય, પર્યાવરણ જાળવણી અને શિક્ષણ સેવામાં સિરમોર કાર્યો કરી રહેલ છે. તે બદલ સંસ્થાનના વર્તમાન આચાર્ય મહારાજ જીતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીને ૩૧ ગામોના છાત્ર-છાત્રાઓ, વાલીઓ દ્વારા ગુરૂ વશિષ્ઠ ઋષિ એવોર્ડ એનાયત કરાયો હતો. સંત દ્વારા દેશ - વિદેશમાં વિશાળ ફલક પર થયેલ સેવાના ઓવારણાં લેતા કેરા- કુંદનપર લેવા પટેલ શિક્ષણ ટ્રસ્ટે સંતો સાંખ્યયોગી બાઈઓનું ઋણ સ્વીકાર્યું હતુ. કેરાના ખોજા ભાયાતો જેરાજભાઈ પીરભાઈ અને લાડકભાઈ સોમજી એ ૧૫૦ વર્ષ પહેલાં સર્વ સમાજમાં શિક્ષણ જાગૃતિ ફેલાવી બાળકોને ભણતા કર્યા હતા. તેમના નામ સાથે જોડાયેલ શેઠ જે પી એન્ડ એલ એસ હાઈસ્કૂલ જે સંકુલમાં છે ત્યાં ૧૩૪૫ બાળકો અભ્યાસ કરે છે જેમાં ગુજરાતી - અંગ્રેજી પ્રાથમિક શાળા, ૪૦ વર્ષ જૂની આઈ.ટી.આઈ, બે બાલમંદિર, શિવણ શાળા, ગ્રંથાલય, કપિલકોટ મેદાનનો સમાવેશ છે. કેરાના હાજી રજબઅલી ગુલામહુસેન ખોજા, પુત્રો રીયાજઅલી અને કૌશરઅલી (કિસાન એગ્રો - હાર્ડવેર) તરફથી પાંચ લાખ રૂપિયાથી દાનની સરવાણી શરૂ થઈ હતી. બંને ખોજા પિતા પુત્રનું વિશેષ સન્માન કરાયું હતું. સ્વામિનારાયણ ગાદી સંસ્થાન પરિવાર દ્વારા આચાર્ય મહારાજ જીતેન્દ્રિપ્રિયદાસજી સ્વામી, વરિષ્ઠ સંત ભગવતપ્રિયદાસજી, સદગુરુ સંત મહામુનિદાસજી સ્વામીની પ્રેરણાથી ૩૧ લાખ રૂપિયાનું શિક્ષણ દાન ચેક દ્વારા અર્પણ કરાયું ત્યારે શ્રીજીબાપા સ્વામીબાપાનો જય ઘોષ ગાજી ઉઠ્યો હતો. અગાઉ સભાગૃહના મંચના દાતા અ. નિ. રાજેન્દ્રભાઈ ની સ્મૃતિમાં પિતા ઘનશ્યામભાઈ માવજી ટપરીયા, ધર્મપત્ની મંજુલાબેન, પુત્રી રસીલા, જમાઈ દિલીપભાઈ પરિવારે અગાઉના ૩૫ લાખમાં વધુ ૯ લાખ રૂપિયા ઉમેરી ૪૪ લાખ રૂપિયાનું માતબાર દાન સંતોની પ્રેરણાથી અર્પણ કર્યું હતું.

પ્રારંભે અગ્રણી રવજીભાઈ કેરાઈએ શાબ્દિક સ્વાગત કરતા સંત મહિમા વર્ણવ્યો હતો. સમુહ આરતી પૂજન, નૂતનભૂમિમાં ઠાકોરજીની પધરામણી, લાલજી રૂડા પિંડોલીયા ઓડિટોરિયમમાં મુખ્ય મંચ નું ઉદ્ઘાટન દાતા ઘનશ્યામભાઈ ટપરીયા પરિવારના હસ્તે કરાયું હતું. આ પ્રસંગે શ્રી કચ્છી લેવા પટેલ સમાજના પ્રમુખ વેલજીભાઈ પિંડોરિયા, પૂર્વ પ્રમુખ વેલજી ભાઈ પિંડોરીયા (નારણપર), કિરીટ સોમપુરા, સરપંચ મદનગીરીજી, એચ.જે.ડી. ચેરમેન જગદીશભાઈ હાલાઇ, પૂર્વ સરપંચ દિનેશભાઈ હાલાઇ, તુલશાબેન વાઘજીયાણી, ચોવીસીના સ્વામિનારાયણ સિદ્ધાંત સજીવન મંડળના સભ્યો, સાંખ્યયોગી બહેનો મોટી સંખ્યામાં જોડાયા હતા. બોર્ડની ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષામાં એ-વન ગ્રેડ મેળવનાર ૭ છાત્ર - છાત્રાઓના લેપટોપ આપી સન્માન કરાયા હતા. સંગીતકાર દિવ્ય પટેલ, અલ્પેશ વેકરીયાને બિરદાવ્યા હતા. જાજરમાન કાર્યક્રમમાં 'ઓપરેશન સિંદૂર' માટે સૈનિકોને સ્મરતા રાષ્ટ્રગીત ગવાયું હતું. કચ્છના રૂઢીચુસ્ત પરિવારની દીકરીઓ માટે મુક્તજીવન મહિલા કોમર્સ આર્ટસ અને બી.સી.એ. કોલેજના મહાપ્રદાનના ઓવારણાં લેતા મહિલા કોલેજ નું વિશેષ સન્માન મોમેન્ટો-સાલ દ્વારા કરાયું હતું. કોલેજ વતી જાણીતા સંગીતકાર અને સંસ્થાનના મેનેજિંગ ટ્રસ્ટી કિર્તીભાઈ વરસાણી, હરીવદન જેસાણી, જગદીશભાઈ કેરાઇ, નરેન્દ્રભાઈ વાઘજીયાણી સહિતનાએ સન્માન સ્વીકાર્યું હતું.

આ પ્રસંગે સંતો મહામુનિદાસજી સ્વામી, ભગવતપ્રિય દાસજી - મહંત મણીનગર ધામ, ધર્મતનય સ્વામી, સત્ય પ્રકાશ સ્વામી, ધર્મવત્સલ સ્વામી, પ્રજ્ઞાતીત સ્વામી, સત્વદર્શન સ્વામી, સર્વગુણાલય સ્વામી, દિવ્યનિલય સ્વામી, વિવેકકૃષ્ણ સ્વામી, ઉત્તમશરણ સ્વામી, પરમસ્વરૂપ સ્વામી, સર્વોત્તમપ્રિય સ્વામી, શરણાગત સ્વામી, વિશ્વમંગળ સ્વામી, સત્યાનંદ સ્વામી, ધર્મભૂષણ સ્વામી, પ્રેમપ્રિય સ્વામી સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

લેવા પટેલ શિક્ષણ ટ્રસ્ટના વિદ્યાર્થી રહેલા અને હાલ ગાદી સંસ્થાનમાં સંત એવા ધર્મનંદન સ્વામી (દિલ્હી), યોગપ્રિયદાસજી સ્વામી, ધર્મતનય સ્વામી, યોગવલ્લભ સ્વામી, મુનિવલ્લભ સ્વામી, સહજાનંદચરણ સ્વામી, નિખીલેશ્વરદાસજી સ્વામીને માતૃ સંસ્થા તરીકે સન્માનિત કરાયા હતા. ટ્રસ્ટના મહિલા દાતા સુમિત્રાબેન હાલારીયાનું વિશેષ સન્માન કરાયું હતું. ઉપરાંત શાળામાં અભ્યાસ કરતા આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓની ફી ભરી આપનાર સંસ્થા ખોજા સિયા ઈમામી ગર્લ્સ એકેડમીના પરવેઝભાઈ પટેલ , સુલતાનઅલી મોરાણી , ગુલામભાઈ મોલેદીના, નુરુદીન પંજવાણી અને અઝીઝ મોરાણીનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. ગુજરાતી પ્રાથમિક વિભાગમાં છેલ્લા ૩૮ વર્ષથી શિક્ષિકા રહેલ ઈલાબેન દુતિયા અને ૨૧ વર્ષથી શિવણશાળા સંભાળતા ભંજનાબેન પ્રશાંતભાઈ ભટ્ટનું વય નિવૃત્તિ સન્માન કરવામાં આવેલ હતું.

આ પ્રસંગે ટ્રસ્ટ અધ્યક્ષ દેવેન્દ્રભાઈ વાઘજીયાણી, ઉપપ્રમુખ ડો. દિનેશભાઈ પાંચાણી, મંત્રી વસંતભાઈ પટેલ, ખજાનચી વિનોદભાઈ કેરાઈ, ધીરજભાઈ લાધાણી, અરવિંદભાઈ ભુવા, નરેન્દ્રભાઈ ભોજાણી, મુકેશભાઈ વેકરીયા, હિતેશભાઈ રાબડીયા, ધનજીભાઈ વેકરીયા, હરીશભાઈ ખેતાણી, કાંતાબેન પટેલ, રાજેશભાઈ કેરાઈ, પરેશભાઈ સેંઘાણી, તેમજ ભોજન વ્યવસ્થા ના અરજણભાઈ મેપાણી સાથે શૈલેષ ભુવા, ગોવિંદભાઈ વાગડીયા, કેસરાભાઈ વેકરીયા, રવજીભાઈ કેરાઈ (રાધેશ્યામ), દિનેશભાઈ રાબડીયા, પ્રવીણભાઈ મેપાણી, કેરા-કુન્દપરના યુવા-યુવતીઓ, શાળાના આચાર્ય નિરજ શેઠિયા, તમામ વિભાગના શિક્ષકો-શિક્ષિકાઓ વગેરે જોડાયા હતા.

વેલજી ઝીણા ગોરસીયા ચેરીટેબલ ટ્રસ્ટ, કચ્છીયત ફાઉન્ડેશન, અશોકભાઈ વેલજી વેકરીયા, વિનોદ પ્રેમજી પરબત રાબડીયા, પ્રેમજીભાઈ મૂળજી રાબડીયા, નાનજીભાઈ કલ્યાણ ગામી, ગોપાલ ધનજી રાબડીયા, નાનજી રત્ના વાઘજીયાણી પુત્ર હરીશ (ઘનશ્યામ મસાલા ભંડાર), રામભાઈ ખીમજી લધા ગાજીપરા પરિવાર હ. મહેન્દ્ર ખીમજી, પટેલ મસાલા ભંડાર હ. વાલજી રત્ના વાઘજીયાણી પુત્ર રાજેશ વાલજી વાઘજીયાણી, ભુડિયા પ્રેમીલાબેન ગોપાલ અને સ્વ. લાલજી કલ્યાણ ગોંડલીયા - માનકુવા, કેસરબેન કરસન કેરાઈ એન્ડ સન્સ પુત્ર ગોવિંદ, લક્ષ્મણ, પ્રકાશ, સ્વામિનારાયણ સિદ્ધાંત સજીવન મંડળના સાંખ્યયોગી ફઈબા ધનબાઈ અને ફઈબા માનબાઈ, નરેન્દ્ર વિશ્રામ વાઘજીયાણી, રામજી ખીમજી હાલાઈ, મનજીભાઈ રામજી ખોખરાઈ, પ્રેમજીભાઈ કેસરા કેરાઈ, શાળાના પુર્વ વિદ્યાર્થી બિપિનચંદ્ર માવજી સેંઘાણી - નારણપર, પરેશ શામજી કાનજી સેંઘાણી - નારણપર, વસંતલાલ ગોપાલ પટેલ, મેઘજીભાઈ ખેતાણી- પટેલ ટુર એન્ડ ટ્રાવેલ્સ તરફથી દાન જાહેર કરવામાં આવ્યું હતું. પાટોત્સવ પ્રસંગે પધારેલ બિનનિવાસી કચ્છી હરિભક્ત પરિવાર બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.


## પશ્ચિમ રેલવે અમદાવાદ

**ઓએફસી અને સિક્સ ક્વોડ કેબલના ટ્રેન્ચિંગ, લેઇંગ, જોઈન્ટિંગ વગેરે સહિત ઇન્ડોર અને આઉટડોર ટેલિકોમ સામગ્રીનો પુરવઠો, સ્થાપન, પરીક્ષણ, કમિશનિંગ**

ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે , ડેપ્યુટી ચીફ સિગ્નલ અને ટેલિકોમ એન્જિનિયર, બાંધકામ, પશ્ચિમ રેલવે, ત્રીજો માળ, "એ" વિંગ, નિર્માણ ભવન, ડીઆરએમ ઓફિસ પાસે, જીસીએસ હોસ્પિટલની સામે, અમદાવાદ-૩૮૨૩૪૫, નીચેના કામ માટે ઇ-ટેન્ડર મંગાવે છે. **1. ટેન્ડર નં.**: DY.CSTE/C-I/ADI/2025-26/113 **2. કામનું નામ**: પશ્ચિમ રેલવે ના અમદાવાદ ડિવિઝનના સામાખિયાળી-ગાંધીધામ ક્વાડુપિલિંગ કાર્યના સંદર્ભમાં, સામાખિયાળી-ગાંધીધામ સેક્શનમાં ઓએફસી અને સિક્સ ક્વોડ કેબલના ટ્રેન્ચિંગ, લેઇંગ, જોઈન્ટિંગ વગેરે સહિત ઇન્ડોર અને આઉટડોર ટેલિકોમ સામગ્રીનો પુરવઠો, સ્થાપન, પરીક્ષણ, કમિશનિંગ. **3. કામની અંદાજિત કિંમત**: રૂ. 7,53,35,413/- (રૂ. સાત કરોડ ત્રેપન લાખ પાંત્રીસ હજાર ચારસો તેર માત્ર) **4. બિડ સુરક્ષા**: રૂ. 5,26,700/-(રૂ. પાંચ લાખ છવ્વીસ હજાર સાતસો માત્ર) **5. ટેન્ડર સબમિટ કરવાનો અને ખોલવાનો સમય ઈ-ટેન્ડર સબમિટ કરવાનો સમય**: 06.06.2025, 15.00 કલાક સુધી અને 06.06.2025 ના 15.30 કલાકે **6. બિડ ખોલવાનો સમય અને તારીખ**: ખુલવાનો સમય અને તારીખ 06.06.2025 ના 15.30 કલાકે **7. વેબસાઇટ અને નોટિસ બોર્ડ જ્યાં ટેન્ડરની વિગતો અને ઓફિસનું સરનામું જોઈ શકાય છે.** વેબસાઇટ:- www.ireps.gov.in નાયબ મુખ્ય સિગ્નલ અને ટેલિકોમ એન્જિનિયર (કન્સ્ટ.), પશ્ચિમ રેલવે, અમદાવાદ (ગુજરાત - 382345) ની કચેરી **8. કામ પૂર્ણ થવાનો સમયગાળો**: સ્વીકૃતિ પત્ર જારી કર્યાની તારીખથી બાર (૧૨) મહિના.

CPM 013

हमें लाइक करें: facebook.com/WesternRly • हमें फॉलो करें: twitter.com/WesternRly

## પશ્ચિમ રેલવે અમદાવાદ

**આઉટડોર સિગ્નલિંગ કામની સપ્લાય, ઇન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગ**

ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે, ડેપ્યુટી ચીફ સિગ્નલ અને ટેલિકોમ એન્જિનિયર, બાંધકામ, પશ્ચિમ રેલ્વે, ત્રીજો માળ, "એ" વિંગ, નિર્માણ ભવન, ડીઆરએમ ઓફિસ પાસે, જીસીએસ હોસ્પિટલની સામે, અમદાવાદ-૩૮૨૩૪૫, નીચેના કામ માટે ઇ-ટેન્ડર મંગાવતા હોય છે. **1. ટેન્ડર નંબર:** DY.CSTE/C-1/ADI/2025-26/115 **2. કામનું નામ:** પશ્ચિમ રેલ્વેના અમદાવાદ ડિવિઝન પર સામખિયાળી ગાંધીધામ સેક્શન વચ્ચે ક્વાડ્રપ્લિંગ કામની ઓટોમેટિક સિગ્નલિંગ સિસ્ટમના જોડાણમાં એસ એન્ડ ટી કાર્ય માટે ઓટો સેક્શન અને એલસી ગેટ સાથે વોંધ, ભચાઉ, ચિરાઈ અને ભીમાસર સ્ટેશનો પર આઉટડોર સિગ્નલિંગ કાર્યનો સપ્લાય, ઇન્સ્ટોલેશન, પરીક્ષણ અને કમિશનિંગ. **3. કામનો અંદાજિત ખર્ચ:** રૂ. 49,74,99,290/- (રૂ. ઓગણપચાસ કરોડ ચુંબોતેર નવ્વાણું હજાર બસો નેવું માત્ર) **4. બિડ સિક્યોરિટી:** રૂ. 26,37,500/- (રૂ. છવ્વીસ લાખ સાડત્રીસ હજાર પાંચસો માત્ર) 5. ટેન્ડર સબમિટ કરવાનો અને ખોલવાનો સમય ઈ-ટેન્ડર સબમિટ કરવાનો **સમય:** 06.06.2025 15.00 કલાક સુધી અને 06.06.2025 ના 15.30 કલાકે ખુલવાનો સમય **6. ઈ-ટેકનિકલ બિડ ખોલવાનો સમય અને તારીખ:** 06.06.2025 ના 15.30 કલાકે **7. ઈ-કોમર્શિયલ બિડ ખોલવાનો સમય અને તારીખ:** ટેકનિકલ બિડના મૂલ્યાંકન પછી જાણ કરવામાં આવશે. **8. વેબસાઇટ સ્પેસિફિકેશન અને નોટિસ બોર્ડ જ્યાં ટેન્ડરની વિગતો અને ઓફિસનું સરનામું જોઈ શકાય છે.** વેબસાઇટ: www.ireps.gov.in નાયબ મુખ્ય સિગ્નલ અને ટેલિકોમ એન્જિનિયર (કન્સ્ટ.), પશ્ચિમ રેલ્વે, અમદાવાદ (ગુજરાત 382345) ની કચેરી **9. કામ પૂર્ણ કરવાનો સમયગાળો:** સ્વીકૃતિ પત્ર જારી કર્યાની તારીખથી બાર (12) મહિના.

CPM 012

हमें लाइक करें: facebook.com/WesternRly • हमें फॉलो करें: twitter.com/WesternRly

## મુન્દ્રા-બારોઈ નગરપાલિકા

મુન્દ્રા-કચ્છ

आज़ादी का अमृत महोत्सव

**મુન્દ્રા-બારોઈ નગરપાલિકા, જી. કચ્છ.**

ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની કલમ-૧૮૨ હેઠળની જાહેર નોટિસ આથી મુન્દ્રા-બારોઈ નગરપાલિકા હદ વિસ્તારમાં મિલકત ધરાવનાર/ભોગવટો કરનાર/માલિકી હોય પરંતુ બંધ હાલતમાં હોય તેવી તમામ મિલકતોના ધારકોને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે આપના હસ્તકની કોઈપણ મિલકત જર્જરિત કે જોખમકારક હોય તો તેનો જોખમકારક ભાગ સમારકામ કરી સુરક્ષિત કરાવવી અથવા પોતાના ખર્ચે ઉતારી લેવી. આગામી ચોમાસા કે અન્ય કોઈપણ કુદરતી આપત્તિના સમયમાં મિલકત તૂટી પડશે અને તેનાથી કોઈપણ પ્રકારની જાન-માલની હાનિ થશે તો તેની સંપૂર્ણ જવાબદારી મિલકતના માલિકની/ભોગવટો કરનારની રહેશે.

જા.નં. : ૧૦૨૭/૨૫-૨૬

તારીખ : ૧૬/૦૫/૨૦૨૫

મુન્દ્રા-બારોઈ નગરપાલિકા

પ્રમુખ — મુન્દ્રા-બારોઈ નગરપાલિકા | ચીફ ઓફિસર — મુન્દ્રા-બારોઈ નગરપાલિકા

(નામાનિ/કચ્છ/૨૩૧/૨૦૨૫-૨૬)





## લાખ-લાખ અભિનંદન

આપ M.D. DNB રેડિએશન ઓનકોલોજી કેન્સર સ્પેશિયાલિસ્ટની ગૌરવપ્રદ ડિગ્રી મેળવી સમાજ અને કુટુંબ સાથે મિત્રવર્તુળનું પણ નામ રોશન કરવા બદલ ખૂબ-ખૂબ શુભેચ્છા. આ ક્ષેત્રે આપ વધુ નામના મેળવો તેવી મા આશાપુરા પાસે પ્રાર્થના.

**ડો. કિશન ઝુંબેશભાઈ કટ્ટા**

**ઓનકોલોજિસ્ટ કેન્સર સ્પેશિયાલિસ્ટ**

શુભેચ્છક : શ્રી રણછોડભાઈ પી. આહિર (યાદવરાજ) સુમરાસર શેખ

સરપંચશ્રી, સુમરાસર શેખ ગ્રામ પંચાયત

મહામંત્રીશ્રી, સરપંચ સંગઠન કચ્છ.



## ગાય અને ભેંસના દુધ વેચાણનો ઈજારો આપવા અંગેની જાહેરાત

આથી રસ ધરાવતા આસામીઓને જણાવવામાં આવે છે કે, પશુ ઉછેર કેન્દ્ર, ભુજ-કચ્છનાં ગાયો અને ભેંસોનું ઉત્પાદિત દુધ ઈજારા પદ્ધતિથી વેચાણ રાખવા રસ ધરાવતા ઈસમોને જણાવવાનું કે આ માટેનું ટેન્ડર ફોર્મ https://www.nprocure.com ઉપર ઉપલબ્ધ છે. જે મુજબ ભાવો મંગાવવામાં આવે છે.

ઈ.ટેન્ડર નંબર :- 186059

| | |
|---|---|
| ઓનલાઈન ટેન્ડર ભરવાની શરૂ થયા તારીખ | તા.૧૯/૦૫/૨૦૨૫થી |
| ઓનલાઈન ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ | તા.૦૯/૦૬/૨૦૨૫ સમય ૧૬ કલાક સુધી |
| ટેન્ડર ફી, ઈએમડી, ટેકનીકલ આધાર સાથેના દસ્તાવેજો બંધ કવરમાં રજી. એડીથી પહોંચાડવાની મુદત | તા.૧૬/૦૬/૨૦૨૫ સમય ૧૭.૦૦ કલાક સુધી |
| ફીઝીકલ ટેન્ડર ઓપન કરવાની તારીખ ઓનલાઈન ટેન્ડર ઓપન કરવાની તારીખ | તા.૧૮/૦૬/૨૦૨૫ સમય ૧૧ કલાક પછી |

સરનામું :-
મદદનીશ પશુપાલન નિયામકની કચેરી
પશુ ઉછેર કેન્દ્ર, મુન્દ્રા રોડ, ભુજ, ફોન ૦૨૮૩૨-૨૩૦૮૦૪
(નામાનિ/કચ્છ/૨૨૯/૨૦૨૫-૨૬)

(ડો. ડી.જે. ઠાકોર)
મદદનીશ પશુપાલન નિયામક
પશુ ઉછેર કેન્દ્ર, ભુજ
(m) 9427003110


# મદનપુરમાં પાણી બાબતે સર્જાયેલી બબાલમાં સામસામે ૧૯ લોકો સામે ગુનો દાખલ કરાયો

**સામસામે ઝપાઝપીમાં બન્ને પક્ષોએ સોનાની ચેઈન ખેંચી લેવાઈ હોવાની ફરિયાદ લખાવાઈ**

ભુજ : તાલુકાના સુખપર ગામથી અલગ થઈ મદનપુર ગ્રામ પંચાયત રચાઈ છે, પરંતુ આ ગ્રામ પંચાયત અસ્તિત્વમાં આવી ત્યારથી સતત વિવાદો થઈ રહ્યા છે. અગાઉ ગ્રામ પંચાયતના મકાન તેમજ સુવિધાઓ મુદ્દે સામ સામે બોલાચાલી, ઝઘડા, ફરિયાદો થઈ ચુકી છે. વિભાજન થયા બાદ સુવિધાને બદલે ડખ્ખા વધ્યા છે. જો કે સત્તાપક્ષ હોય કે વહીવટી તંત્ર નાનકડા ગામમાં શાંતિ સ્થાપવામાં નિષ્ફળ સાબિત થયું છે. છેલ્લા કેટલાક દિવસોથી મદનપુર ગામમાં પાણીની સમસ્યા છે. તાલુકા પંચાયત દ્વારા કર્મચારીઓને વેતન ન ચુકવાતા કર્મચારીઓએ કામ મુકી દીધું છે. જેથી પાણીની સમસ્યા ઉભી થઈ છે. ગ્રામજનો સરપંચ પાસે રજુઆત કરવા ગયા ત્યારે સરપંચે અન્ય સભ્યોને બોલાવી પ્રશ્ન હલ કરવાનો પ્રયાસ કર્યો ત્યારે આરોપીઓએ આવીને સરપંચ સાથે ગેરવર્તન કરી સોનાની ચેઈન લૂંટી લીધી હતી. જે બાબતે માનકુવા પોલીસમાં અરજી આપવા છતાં પોલીસે કોઈ દબાણવશ ફરિયાદ નોંધી ન હતી. જે બાદ બે દિવસ પછી ફરી ડખ્ખો થયો જેને પગલે પોલીસ પહોંચી ત્યારે પોલીસ પર ગ્રામજનોએ માછલા ધોયા હતા. કારણ કે લેખિત રજુઆત હોવા છતાં પોલીસ કાર્યવાહી કરવામાં નબળી પુરવાર થઈ હતી. અંતે પોલીસે બન્ને પક્ષે ગુના દાખલ કર્યા છે.

મદનપુરના સરપંચ પુનમેબન લખમણભાઈ મેપાણીએ માનકુવા પોલીસમાં નોંધાવેલી ફરિયાદ મુજબ આરોપી ઉપસરપંચ લાલજી લખમણ વરસાણી, તાલુકા પંચાયતના સભ્ય મનજી ધનજી ખેતાણી, વિશ્રામ કરશન રૂપાલીયા, ખીમજી મુળજી રૂપાલીયા અને રવજી કરશન વરસાણીએ ફરિયાદી સાથે ઝઘડો કરી હુમલો કર્યો હતો અને દોઢ તોલાની સોનાની ચેઈન લૂંટી ધાડને અંજામ આપ્યો હતો. ગામમાં છેલ્લા દસ દિવસથી પાણી આવતું ન હોવાથી ઝઘડો કરવામાં આવ્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું.

દરમ્યાન સામે પક્ષે ખીમજીભાઈ મુળજીભાઈ રૂપાલીયાએ પુનમબેન ઉપરાંત નયનાબેન પ્રેમજીભાઈ ખેતાણી, જશુબેન લાલજી હીરાણી, મનીષાબેન રામજી મેપાણી, મુરજી માવજી મેપાણી, મનજી દેવજી મેપાણી, મનસુખ મુરજી મેપાણી, કાનજી વિશ્રામ હીરાણી, રવજી રામજી ખેતાણી, મુરજી રત્ના પાદરા, શાંતાબેન રામજીભાઈ મેપાણી, હબીબેન વિશ્રામ મેપાણી, દિનેશ વેલજી મેપાણી અને લક્ષ્મીબેન રામજી ભંડેરી સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ આરોપીઓએ ફરિયાદીના ઘર પાસે આવી મદનપુર ગામમાં છેલ્લા દસ દિવસથી પાણી આવતું ન હોઈ આ પાણી અટકાવવામાં ફરિયાદીએ ભૂમિકા ભજવી હોવાનો શક રાખ્યો હતો.

ફરિયાદી પંચાયતમાં કામ કરતા માણસોના પગાર થવા દેતા નથી. તેવો શક રાખી ઝઘડો કરી, માર મારી, ગળામાં પહેરેલી એક લાખની ચેઈન ખેંચી ધાડને અંજામ આપ્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું. માનકુવા પોલીસે સામ સામે ગુનો દાખલ કરીને આગળની તપાસ હાથ ધરી છે.

# એમ્બ્યુલન્સ સેવાને ૧૦૮ની ફરજમાં સમાવિષ્ટ કરવા રજૂઆત કરાઈ



ગાંધીધામ : તાજેતરમાં આરોગ્ય વિભાગ દ્વારા સામુહિક આરોગ્ય કેન્દ્ર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને સંલગ્ન એમ્બ્યુલન્સને ૧૦૮ ની સેવામાં તબદીલ કરવાનો નિર્ણય લીધો છે પરંતુ આ નિર્ણયથી વર્તમાન સમયમાં એમ્બ્યુલન્સ ચલાવતા ડ્રાઈવરો બેરોજગાર બનશે તે અંગે યોગ્ય કાર્યવાહી કરવી આવશ્યક છે.

આ અંગે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર આઉટસોર્સના ડ્રાઈવરો દ્વારા કરેલી રજૂઆત સંદર્ભે તેમણે જણાવ્યું છે કે આરોગ્ય વિભાગના આ નિર્ણયથી કચ્છના લગભગ ૫૪ જેટલા ડ્રાઈવરો બેરોજગાર બનશે જેના કારણે તેમના પરિવારની સ્થિતિ પણ કફોડી બનશે વર્ષો સુધી એમ્બ્યુલન્સમાં સેવા આપ્યા બાદ એકાએક આરોગ્ય વિભાગ દ્વારા લીધેલા નિર્ણયથી તેમને અને તેમના પરિવારને મુશ્કેલીનો સામનો કરવો પડશે. આ અંગે ઓર્ગેનાઈઝડ વર્કસ એમ્પલોય કોંગ્રેસના ભરતભાઈ સોલંકીએ રાજ્યના આરોગ્યમંત્રીને રજૂઆત કરી છે કે, આરોગ્ય વિભાગ દ્વારા કરવામાં આવેલા નિર્ણયમાં એમ્બ્યુલન્સ ડ્રાઈવરોને પણ ૧૦૮ ની સેવામાં તબદીલ કરવામાં આવે અથવા તો જિલ્લા પંચાયત કચેરી હસ્તક આ ૫૪ એમ્બ્યુલન્સનું સંચાલન યથાવત રાખવામાં આવે તો વર્તમાન સમયમાં સેવા આપતા ડ્રાઈવરોની રોજગારી યથાવત રહેશે અન્યથા આ લોકોને મુશ્કરીનો સામનો કરવો પડશે. આ અંગે યોગ્ય નિર્ણય લઈ વર્ષોથી સેવા આપતા એમ્બ્યુલન્સ ડ્રાઈવરોના હિતમાં વિચાર કરવામાં આવે તેવી માગણી છે.

## સરગુ નજીક બંધ મકાનમાંથી અજાણ્યા યુવાનનો મૃતદેહ મળ્યો

ભુજ : તાલુકાના ખાવડા વિસ્તારમાં આવેલા સરગુ - ભીરંડીયારા નજીક પારેટી પુલની બાજુમાં આવેલ બંધ મકાનમાંથી યુવાનનો મૃતદેહ મળી આવ્યો હતો.

આ બાબતે મળતી વિગતો મુજબ લતીફ તાજન નોડેના ખાલી મકાનમાં લાકડાની શેટી પર અજાણ્યા ૩૫ થી ૪૦ વર્ષના યુવાનનો દેહ મળી આવ્યો હતો. ગ્રામજનો દ્વારા પોલીસને જાણ કરવામાં આવી હતી. ખાવડા પોલીસે એડી દાખલ કરી છે. હતભાગી રખડતો, ભટકતો આવ્યો હોવાનું અને વધુ પડતી ગરમીથી મોત થયાનું માનવામાં આવી રહ્યું છે. ઓળખ સહિતના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

## ચાર દાયકાથી સંસ્કૃત પ્રચારની સેવા કરનારનું વિશેષ બહુમાન કરાયું



ભુજ : સ્વામિનારાયણ પ્રસાદી મંદિર ખાતે ભુજ સંસ્કૃત પાઠશાળા ખાતે છેલ્લા પાંચ દાયકાથી સંસ્કૃત પ્રચારની સેવા કરતા અને સ્વામિનારાયણ ભગવાનના સંતોને પણ અને સાંખ્યયોગી બહેનોને બહેનો દ્વારા પરીક્ષા, અભ્યાસક્રમ માટે તેમજ પરીક્ષા માટે કામગીરી બદલ વિજેતા વિભાકરભાઈ અંતાણીનું જાદવા ભગત દ્વારા હારારોપણ કરીને સ્વામીજીએ સાલ ઓઢાળીને વિશેષ બહુમાન કર્યું હતું.

સાંખ્યયોગી બહેનો દ્વારા કચ્છના સંસ્કૃત શિક્ષિકા બહેન આશાબેન ભુજંગીલાલ સ્વાદીયા, પ્રચારક દર્શનાબેન મુનશી તેમજ જયશ્રીબેન હાથીનું પ્રતિક ભેટ આપી વિશેષ બહુમાન કરાયું હતું. સંસ્કૃત પાઠશાળાના પ્રચારક આશિષ વૈદ્ય, વારીસ પટણી અને અનુપમભાઈ શુક્લ ઉપસ્થિત હોવાનું લુનાબેન છાયાએ જણાવ્યું હતું. શ્રી અંતાણીએ ભુજ સ્વામિનારાયણ મંદિરનો અંતઃકરણ પૂર્વક આભાર માન્યો હતો.


## ખાતમુહૂર્ત



માન.શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ
માનનીય મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય



માન.શ્રી ત્રિકમભાઈ છાંગા
ધારાસભ્યશ્રી, અંજાર મત વિસ્તાર

માનનીયશ્રી ત્રિકમભાઈ છાંગાના વરદ હસ્તે ખાતમુહૂર્ત સમારોહ

**રીસરફેસીંગ ઓફ ટપકેશ્વરી, જદુરા રોડ, તા.ભુજ**
**રકમ રૂા.૪૧૨.૦૦ લાખ**

**રીસરફેસીંગ ઓફ ચકાર ટુ બંદરા રોડ, તા.ભુજ**
**રકમ રૂા.૧૯૭.૦૦ લાખ**

આ ખાતમુહૂર્ત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા જાહેર આમંત્રણ પાઠવવામાં આવે છે. આ ખાતમુહૂર્ત કાર્યક્રમમાં જીલ્લા પંચાયત સદસ્યશ્રીઓ, તાલુકા પંચાયત સદસ્યશ્રીઓ અને આજુબાજુ ગામના સરપંચશ્રીઓ હાજર રહેશે.

તા.૧૯/૫/૨૦૨૫, સમય : ૧૦.૦૦ કલાકે
સ્થળ : જદુરા જંકશન, રેહા-ભારાપર રોડ

**નિમંત્રક : ભારતીય જનતા પાર્ટી ભુજ તાલુકો**

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય ગાંધીધામ
તા.૧૮-૦૫-૨૦૨૫

# ગુજરાત પ્રદેશ ભાજપ માટે બીજું નિર્ણાયક મંથન સંપન્ન :

# કચ્છનું વધશે કદ : સાંસદ વિનોદ ચાવડાને પ્રમોશન?

**ભારત-પાક વચ્ચે સિઝફાયર થઈ ગયા બાદ હવે આંતરીક રીતે ભાજપ દ્વારા સંગઠનની દ્રષ્ટીએ નિર્ણાયક ગતીવીધીઓ આદરાઈ હોવાની અટકળો વચ્ચે રાજકીય તજજ્ઞોનો મત**



ગુજરાત ભાજપ પ્રદેશ અધ્યક્ષ પદે અનામત કેટેગરીમાંથી જ ઉમેદવાર પસંદગી કરવાનું મન બનાવાઈ ગયુ, **યુવા ચહેરા**ને તક આપવાની પણ ઘડાઈ ગઈ રણનીતી : આ સ્થિતીએ **કચ્છના ત્રીજી ટર્મમાં સાંસદ રહેલા, પ્રદેશ ભાજપમાં મહામંત્રી પદનો બહોળો અનુભવ ધરાવનારા, સી આર પાટીલની ૧૫૬ની ગુજરાત વિધાનસભાની ઐતિહાસીક વિજયના સારથીઓ પૈકીના એક, સૌરાષ્ટ્ર સહિતના ધુરંધર જિલ્લાઓનો પ્રભાર ધરાવનારા,** સૌનો સાથ-સોનો વિકાસ, સોનો પ્રયાસ-સૌનો વિશ્વાસના સુત્રને બખુબી સાર્થક કરનાર અને નિર્વિવાદીત ચહેરા તરીકે હાઈકમાન્ડના પસંદગી પાત્ર રહેતા **યુવા અને પીઢ ચહેરા તરીકે વિનોદ ચાવડા પર કળશ ઢોળાય તો નવી નવાઈ નહી..? : રાજકીય તજજ્ઞોનો સુર**



**સવાયા કચ્છી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી કચ્છ આવી રહ્યા છે, ત્યારે કચ્છનું સંગઠન પોતાની એકતા-અને મજબુતાઈ સાથે પ્રદર્શન કરશે તો જરૂર કચ્છને ફાયદો તેનો પુરેપુરો મળશે, તો કચ્છ સંગઠન આ મોકો ચુકે નહી..!**



**ગઈકાલે પ્રદેશ મહામંત્રી રત્નાકરજી હતા રાજકોટમાં : સંગઠન અંગેની ચર્ચાઓ કરી પુરી**

**રાષ્ટ્રીય સ્તરે ભાજપના પ્રમુખની અટકેલી પ્રક્રીયાને આગળ ધપાવવાની પણ મંજુરી અપાઈ ગઈ છે, આગામી એકાદ પખવાડીયામાં જ હવે ભાજપને તમામ મહાનગર-જિલ્લામા નવા મહામંત્રી, ઉપપ્રમુખ સહિતનું માળખું મળી જેવાના દેખાય છે એંધાણ : જે બાદ પ્રદેશ પ્રમુખ-તેની સાથોસાથ મુખ્યમંત્રીને પણ મંત્રીમંડળમાં ફેરફાર કરવાની લીલીઝંડી મળી જશે**

ગાંધીધામ : દેશ નહી વિશ્વની સૌથી મોટી રાજકીય પાર્ટી ભારતીય જનતા પાર્ટી તેના રાષ્ટ્રીય સંગઠન પર્વને નીર્ણાયક સ્વરૂપ આપવાના મુડમાં જ હતી તે વખતે જ ભારત અને પાકીસ્તાન વચ્ચે યુદ્ધની સ્થિતી સર્જાઈ અને દેશ પ્રથમની નીતીને અનુસરતી આ પાર્ટીએ ઓપરેશન સિંદુર કરી અને આતંક તથા પાકીસ્તાનને તેની જ ભાષામાં જવાબ આપી દીધો. દેશન અન્ય વિષયો બાકી રાખી સુરક્ષાને પ્રાથમિકતા આપી આતંકને જડબાતોડ જવાબ આપવાનુ બીડું ઝડપી લેતા રાષ્ટ્રીય સંગઠનની પ્રક્રીયાને ગૌણ રાખી હતી. પરંતુ હવે બન્ને દેશો વચ્ચે સીઝફાયરની સહમતી થઈ જતા અને દેશ પણ ફરીથી રાબેતા મુબજ જોમ જુસ્સા સાથે રૂટીનમા આવી જતા ભાજપ દ્વારા પુનઃ આતંરીક રીતે સંગઠનને અંતિમ ઓપ આપવાની દીશામાં હલચલ આદરાઈ હોવાનુ સામે આવવા પામી રહ્યું છે.

રાષ્ટ્રીય પ્રમુખને લઈને તો દિલ્હી કક્ષાએ હલચલ ચાલતી હશે પરંતુ નવા રાષ્ટ્રીય પ્રમુખની નિમણુક માટે પાંચ જેટલા મહત્વપૂર્ણ રાજયોમાં બાકી રહેલી પ્રદેશ અધ્યક્ષની વરણીઓ કરી દેવી પડશે અને તેમાં ખાસ કરી ગુજરાત-યુપી પ્રદેશ અધ્યક્ષમાં પેંચ કયાકને કયાંક સતત ફસાયેલો રહ્યો હતો પરંતુ કહેવાય છે કે પાછલા એકાદ સપ્તાહથી આ બાબતે ખુબજ નીર્ણાયક ચર્ચાઓ કરવામાં આવી ચુકી છે અને તાજેતરમાં જ ગત શુક્રવારે પ્રદેશ ભાજપ અધ્યક્ષના નામને લઈને બીજી વખત સંગઠન-હાઈકમાન્ડ સહિતના મહત્વપૂર્ણ આગેવાનો દ્વારા મંથન કરી લેવામાં આવ્યુ છે અને જાણકારો કહી રહ્યા છે કે, પ્રદેશ ભાજપ અધ્યક્ષના નામો તથા અન્ય સમીકરણોને લઈને જે ચર્ચાઓ ચાલતી હતી તેમાં હવે પ્રદેશ અધ્યક્ષ અનામત કેટેગરીમાંથી આવી રહ્યા છે તેવુ નિશ્ચિત થઈ જવા પામ્યુ છે. એટલુ માત્ર જ નહી પરંતુ ગુજરાતમાં નવુ જોમ-નવયુવાનોની નવી કેડર ઉભી કરી શકાય તે માટે આ વખતે પ્રદેશ અધ્યક્ષ પણ યુવા ચહેરા તરીકે આગળ કરવામાં આવી શકે છે તેવુ પણ ભારપૂર્વક આ બીજા મંથકમાં પણ નકકી કરી લેવામા આવ્યુ છે. આ સ્થિતીએ રાજકીય તજજ્ઞો કહી રહ્યા છે કે, જે રીતે બીજી વખત મંથન કરાયુ છે અને તેમાં જે રીતે સમીકરણો અને ક્રાઈટેરીયા નકકી કરવામાં આવ્યા છે તેમાં કચ્છના વર્તમાન સાંસદ વિનોદ ચાવડા બરાબરના ફીટ બેસી રહ્યા છે. કચ્છનુ કદાચ ગુજરાત પ્રદેશ સંગનઠમાં હવે કદ વધે અને વિનોદ ચાવડાને પ્રમોશન અપાય તો નવી નવાઈ નહી કહેવાય તેવુ પણ રાજકીય તજજ્ઞો માની રહ્યા છે. વિનોદ ચાવડા કચ્છમાં ત્રીજી વખત સાંસદ તરીકે પસંદ થઈ અને સૌનો સાથ સૌન વીકાસ, સોનો પ્રયાસ અને સોનો વિશ્વાસના સુત્રને બખુબીથી સાર્થક કરી રહ્યા છે. તેઓ પ્રદેશ ભાજપ મહામંત્રી તરીકેનો પણ યશસ્વી અને સફળ રોલ ભજવી ચુકયા છે. ગુજરાતમાં જે સી આર પાટીલે ૧૫૬ બેઠકો વિધાનસભામાં ઐતિહાસીક રીતે જીતાડી તેમાં તેમની ટીમના સારથીઓ, મહત્વપૂર્ણ રોલ ભજવનારાઓમાં વિનોદ ચાવડાનો નિર્ણાયક રોલ મહામંત્રી પદે રહ્યો છે. તેમને રાજયભરના સંગઠનનો હવે બહોળો અનુભવ છે. સૌરાષ્ટ્ર સહિતના ગુજરાત રાજયના ૧૧થી વધુ જેટલા જિલ્લાનો પ્રભાર તેઓએ સંભાળ્યો છે. નરેન્દ્રભાઈ મોદીના લાકડવાયા જિલ્લા કચ્છમાં તેઓએ સાંસદ તરીકે સદાય નોધનીય કામગીરી કરી દેખાડી છે. વિનોદભાઈ ચાવડા અનોમત કેટેટરી અને પીઢ તથા યુવા ચહેરાના સમીકરણોમાં બખુબીથી બંધબેસતા પુરવાર થવા પામી રહ્યા છે. એટલે તેમને પ્રમોશન મળવાની ચર્ચાઓએ રાજકીય બેડામાં ભારે ચર્ચાઓ સર્જી છે. જો કે, આ તો મોદીજી-અમિત શાહનું ભાજપ છે, તેમનું મન કોઈ જ કડી શકતુ નથી, એટલે અંતિમ નિર્ણયમાં કોઈપણ સરપ્રાઈઝ આવી શકે છે.

**સર્વ શિક્ષા અભિયાન એટલે ભ્રષ્ટાચારનું એપી સેન્ટર**

# કચ્છની સરકારી શાળાઓમાં રમતગમતના સાધનોની ખરીદીનું મોટું કૌભાંડ...?

**બાળકોના સર્વાંગી વિકાસ અને ભાર વિનાના ભણતરના હેતુથી વર્ષ ૨૦૨૨માં ફાળવવામાં આવેલ ગ્રાન્ટ ક્યાં વપરાઈ તેની તપાસ જરૂરી : સરકારી શાળાઓમાં રમતગમતના સાધનોની ખરીદીના ચૂકવણા થયા છતાં શાળાઓમાં સાધનો ન પહોંચ્યા ચર્ચા : જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા તટસ્થ તપાસ થાય તો મોટા ષડયંત્રનો થાય ખૂલાસો : શિક્ષણ ક્ષેત્રના જાગૃતોએ વ્યક્ત કર્યો મત**

## માંડવી ટીપીઈઓને તપાસનો આદેશ

ભુજ : માંડવી તાલુકામાં ખેલકુદના સાધનોની કીટની ખરીદી સંદર્ભે ઉઠી રહેલ ફરિયાદ અંગે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી ભૂપેન્દ્રસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, સમગ્ર બાબત જિલ્લા પ્રાથમિક શિક્ષણ કચેરી સમક્ષ પહોંચતા માંડવી તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારીને તપાસ કરવાના નિર્દેશ અપાયા છે. ટીપીઈઓ પોતાની તપાસ પૂર્ણ કરી જિલ્લા કચેરીને પોતાનો રિપોર્ટ સુપરત કરશે. ત્યારબાદ રિપોર્ટના આધારે આગળની કાર્યવાહી કરવામાં આવશે તેવું શ્રી વાઘેલાએ વધુમાં જણાવ્યું હતું.

## દર બે વર્ષે શાળાને મળે છે નવી સ્પોર્ટ્સ કીટ

ભુજ : સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત દરેક પ્રાથમિક અને માધ્યમિક શાળાઓને અંદાજીત દર બે વર્ષે નવી સ્પોર્ટ્સ કીટ મળે છે. સુત્રોથી મળતી વિગત અનુસાર ત્રણ કેટેગરીની ખેલકુદ સાધનોની કીટના ભવ અલગ અલગ હોય છે. ધોરણ ૧થી ૫ સુધીની શાળાઓ માટે રૂા. ૪૫૦૦, ધોરણ ૧થી ૮ સુધી પ્રાથમિક શાળા માટે રૂા. ૮ હજાર જયારે ધોરણ ૯થી ૧૨ સુધીની માધ્યમિક શાળાઓ માટેની સ્પોર્ટ્સ કીટની કિંમત રૂા. ૧૬ હજારની આસપાસ હોય છે. રમતગમતના જે સાધનો ખરાબ થઈ જાય તેની ડેડ સ્ટોક રજીસ્ટરમાં નોંધ કરી નિભાવ કરવાનો રહે છે. ખરાબ સાધનોના નિકાલ માટે એસએમસીની બેઠકમાં ઠરાવ કરવાનો નિયમ છે.

ભુજ : જિલ્લાની વિવિધ સરકારી કચેરીઓમાં ભ્રષ્ટાચાર જાણે શિષ્ટાચાર બની ગયો હોય તેમ સમયાંતરે ગેરરીતિના અનેક કિસ્સાઓ ઉજાગર થતાં હોય છે. ફાટીને ધૂમાળે ગયેલા ભ્રષ્ટાચારી તત્ત્વોએ શિક્ષણ જેવા પવિત્ર ક્ષેત્રને પણ ભ્રષ્ટાચારથી અભડાવી દીધું છે. સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત કચ્છની પ્રાથમિક શાળાઓમાં ૭૫ જેટલા જુદા-જુદા નાણાંકીય ગેરરીતિના કૌભાંડ આચરવામાં આવ્યા હોવાની ફરિયાદો ઉઠી છે, જેમાં વધુ એક ગેરરીતિ થયાની ચકચાર કચ્છના શિક્ષણ જગતમાં મચી છે.

આ અંગેની પ્રાપ્ત વિગતો અનુસાર તાજેતરમાં સોશિયલ મીડિયામાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત માંડવી તાલુકાની ૧૯૭ શાળાઓમાં રમતગમતના સાધનોની ખરીદી અને ફાયર સેફટીના ફાયર એસ્ટીગ્યુશરના રિફિલીંગનું લાખોનું કૌભાંડ વાયરલ થયું છે. માંડવી તાલુકાની એક શાળાના શિક્ષક અને તેમના પત્નીએ ભૂતિયા દુકાનોમાંથી ખરીદીના બિલ રજૂ કરી ઉચાપત કરી હોવાનો અહેવાલ સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે ત્યારે કચ્છના શિક્ષણ ક્ષેત્ર સાથે સંકળાયેલા જાગૃત લોકોના જણાવ્યા અનુસાર ફક્ત માંડવી તાલુકો જ નહીં, પરંતુ જિલ્લાભરમાં આ પ્રકારે વ્યાપક ગેરરીતિ આચરવામાં આવી છે.

કચ્છની સરકારી શાળાઓમાં બાળકોના સર્વાંગી વિકાસ અને ભાર વિનાના ભણતરના હેતુ સાથે સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત રમતગમતના સાધનોની ખરીદી કરવા રાજ્ય સરકારે વર્ષ ૨૦૨૨માં ગ્રાન્ટ ફાળવી હતી. આ ગ્રાન્ટના ઉપયોગથી એસએમસીના માર્ગદર્શન હેઠળ શાળાઓ માટે જરૂરી રમતગમતના સાધનો ખરીદવાની યોજના હતી. જોકે, મોટાભાગની શાળાઓમાં આજે પણ બાળકો માટે રમતગમતના સાધનો ભાગ્યે જ જોવા મળતા હોય છે, પરંતુ રમતગમતના સાધનોની ખરીદીના બોગસ બિલ રજૂ કરી ગ્રાન્ટની રકમ ચાઉં કરી જવાઈ છે. જાગૃત લોકોના જણાવ્યા અનુસાર આ કૌભાંડમાં જિલ્લાની કેટલીક શાળાના આચાર્યો, મળતિયાઓ, બીઆરસી અને દુકાનદારોની સાંઠગાંઠથી લાખોની ઉચાપત કરવામાં આવી છે. જિલ્લા પ્રાથમિક શિક્ષણ વિભાગ દ્વારા તટસ્થ તપાસ કરવામાં આવે તો જિલ્લા વ્યાપી મોટા કૌભાંડનો પર્દાફાશ થઈ શકે છે. આ ઉપરાંત સ્કૂલ મોનિટરીંગ કમિટીના સભ્યો પણ શાળામાં કયા - કયા રમતગમતના સાધનો વસાવવામાં આવ્યા છે તેની તપાસ કરે તે જરૂરી છે.

માંડવી તાલુકાની ૧૯૭ શાળાઓમાં ગરેરીતિ થયાના અહેવાલ અંગે પૂછતા માંડવી તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી કે.બી. ખટારિયાએ જણાવ્યું હતું કે, આવી કોઈ ફરિયાદ હજુ સુધી તાલુકા શિક્ષણ વિભાગને મળી નથી, પરંતુ જો કોઈ ફરિયાદ આવશે તો જિલ્લા કચેરીનું ધ્યાન દોરી તેમના માર્ગદર્શન હેઠળ તટસ્થ તપાસ કરાવી જો કોઈ દોષિત હશે તો તેમની સામે કાયદાકીય કાર્યવાહી અચૂક કરવામાં આવશે. હાલે શાળાકીય વેકેશન ચાલી રહ્યા છે, જેથી વેકેશન ખૂલ્યા બાદ રમતગમતના સાધનોની ખરીદી અંગે તપાસ કરવામાં આવશે તેવું તેમણે વધુમાં ઉમેર્યું હતું.

માંડવી તાલુકાની શાળાના કૌભાંડમાં બીઆરસી કો-ઓર્ડિનેટર મેહુલ શાહનું નામ પણ જોડવામાં આવ્યું છે ત્યારે આ અંગે સ્પષ્ટતા કરતા તેમણે જણાવ્યું હતું કે, સમગ્ર આક્ષેપમાં કોઈપણ તથ્ય નથી. માંડવી તાલુકાના શિક્ષણ ક્ષેત્રે સંકળાયેલા લોકોને ટાર્ગેટ બનાવી કેટલાક હેતુસંતોષીઓ ખોટી ફરિયાદો કરી રહ્યા છે. માંડવી તાલુકાની શાળાઓ માટે રમતગમતના સાધનોની ખરીદી જે દુકાનમાંથી કરવામાં આવી છે તે દુકાન કોડાય ગામે આવેલ છે અને જીએસટી નંબર ધરાવતી પેઢી છે. આવી કોઈ દુકાન અસ્તિત્વમાં ન હોવાના આક્ષેપમાં કોઈ તથ્ય ન હોવાનું તેમણે વધુમાં જણાવ્યું હતું.

ફક્ત માંડવી જ નહીં સમગ્ર કચ્છમાં સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત કરવામાં આવેલ રમતગમતના સાધનોની ખરીદીની ડીપીઈઓ સ્તરેથી તપાસ કરવામાં આવે તો જિલ્લાના કેટલાક વગદાર વેપારીઓ, તેમના વચેટિયાઓ, કેટલીક શાળાઓના આચાર્યો અને કેટલાક ભ્રષ્ટ બીઆરસીના પગ નીચે રેલો આવશે તેવું સૂત્રો જણાવી રહ્યા છે.

# બોયકોટ તુર્કીમાં કચ્છમાં કંડલા-મુંદરાના ટ્રેડર્સ હજુ કેમ મુંગામુંતર? શું નથી થતી મોટી આયાત-નિકાસ?

**પ્રવાસન સંગઠનોએ ખુલ્લીને જાહેરાત કરી દીધી, સફરજન-ફ્રુટના વેપારીઓએ ગુજરાતમાં તૂર્કીના માલનો બહિષ્કાર જાહેર કરી દીધો, સેલબી કંપનીને પણ ફટકો પાડી એરપોર્ટ પરના તુર્કીના સુરક્ષા કર્મીઓને ઝટકો આપી દેવાયો છે, સિરામીક ઈન્ડસ્ટ્રીઝે પણ બહિષ્કારનો ઘોષણા કરી જ દીધી છે, કંડલા-મુંદરામાંથી પણ તૂર્કીથી મોટા પ્રમાણમાં આયાત-નિકાસ થઈ રહી છે? કેમ હજુ સુધી કોઈ ખુલ્લીને આ બાબતે બોલતુ નથી દર્શાયુ..?**

**તૂર્કીનો ભારત પાસેથી ૧૦ બિલિયન ડોલરનો વ્યાપાર છે, જે તુટવાની કગાર પર છે, સામે ભારત માત્ર અને માત્ર ત્રણ હજાર બીલિયન ડોલરની તુર્કીમાંથી કરે છે આયાત, ભારતના પ્રમાણમાં તુર્કીને પડશે ઘણુ મોટુ આર્થિક નુકસાન, તુર્કીથી અંજીર-કાજુ-પીસ્તા ડ્રાયફ્રુટની આપણે કરીએ છીએ આયાત**

**કચ્છમાં કાર્યરત બંદરો પરથી તુર્કી અનેકવીધ ચીજવસ્તુઓની થાય છે આયાત-નિકાસ, કલે, ખનીજ, કેમીકલ, પેટકોક સહિત અનેકવધણી ચીજવસ્તુઓ પર રોક લગાવી કે ટ્રેડ ન કરવાનું હજુ સુધી કેમ કોઈ આગળ આવીને બોલતુ નથી? દેશહિતની લાગણી સૌકોઈએ દેખાડવી જ ઘટે અને કચ્છ તો દેશભકિતના વિષયોમાં શીરમોર જ રહ્યુ છે..! : જાણકારોમાથી ઉઠતા સવાલો**

ગાંધીધામ : ભારતે ઓપરેશન સિંદુર મારફતે પાકીસ્તાનને હાલમાં તો ચારે ખુણે ચિત્ત જ કરી દીધુ છે, ઘરમાં ઘુસી અને ભારતીય સૈન્યએ આતંકવાદીઓ શોધી શોધીને તેમને ધુળ ચાંટતા કરી દીધા છે., આતંકના અડ્ડા અને તેમના આખેઆખા પરીવારો ભારતીય સેન્ય જવાનોને ઉડાવી દીધા, પાકીસ્તાન જયાથી ભારત પર હુમલાઓ કરતુ હતુ તે એરબેઝને ભારતે તબાહ કરી દીધા છે, પોલીટીકલ, ડીપ્લોમેટીકલ અને સાયકોલોજીકલ ભારતના જવાનોએ નાપાક મુલકને ભાંગી જ નાખ્યુ છે તેમ કહીએ તો કદાચ વધુ પડતુ નહી કહેવાય. ભારતયી સેનાની દેશ-દુનીયામાં ઠેર ઠેર વાહવાહી થવાપામી રહી છે, બન્ને રાષ્ટ્રો વચ્ચે યુદ્ધવીરામ થવા પામી ગયુ છે ત્યારે ભારત અને દેશની જનતા અલગ અલગ વીસ્તારમાંથી પાકીસ્તાન અને તેના મદદગાર રાષ્ટ્રોને ફટકાઓ આપી રહ્યુ છે, હા આપણે વાત કરી રહ્યા છીએ ચીન-તુર્કી અને અજરબેઝાનની.

આ ત્રણેયે રાષ્ટ્રો એ છે કે, જેણે ભારતના વિરોધમાં પાકીસ્તાનની મદદે યુદ્ધના સમયે ખડેપગે તેનાત રહ્યા એટલુ માત્ર જ નહી પરંતુ તૂર્કીએ તો ભારત પર હુમલા કરવા માટે ડ્રોન સહિતનો જથ્થો પુરો પાડી દીધો હતો, આવા સમયે હવે ભારતીય નાગરીક તરીકે દેશના વિવિધ ખુણે ખુણેથી બોયકોટ તુર્કિની ઝુબેશ છેડાયેલા જોવાઈ રહી છે અને સૌ પ્રથમ આ રાષ્ટ્રને આર્થિક મોરચે મોટો ફટકો પાડવામા આવી રહ્યો છે, દેશના ટુર ઓપરેટર દ્વારા આ રાષ્ટ્રનો પ્રવાસ પ્રમોટ ન કરવાનો નિર્ણય લઈ લીધો છે, અને તુર્કીની આર્થિક કમર તોડી પાડવાની પહેલ કરી દેખાડી છે. આવા તો દેશભરમાં અનેકવિધ અલગ અલગ સંગઠનો-કંપનીઓએ નિર્ણય લઈ અને તુર્કીને ઝટકો આપ્યો છે ત્યારે જાણકારો સવાલ કરી રહ્યા છે કે, કચ્છમાં પણ બે મહાબંદરો ધમધમી રહ્યા છે, આ બન્નેનો વિશ્વકક્ષાએ અનેરો ડંકો છે. દરીયાઈ વેપાર વાણીજયમાં કંડલા-મુંદરાનુ નામ મોખરે જ લેવાય છે, ત્યારે અહીથી તૂર્કીમાં જે આયાત-નિકાસ કરવામાં આવતી હોય તેવી પ્રોડકટો પર સામે ચાલીને વેપારીઓ-ટ્રેડર્સ હજુ સુધી બહિષ્કારકરવાને માટે અથવા તો તુર્કી સાથે ટ્રેડ બંધ કરવા બાબતે ખુલ્લીને સામેથી જાહેરાત કરતા કેમ નથી દેખાયા? આવો પ્રશ્ન થવા પામી રહ્યો છે. હકીકતમાં તો પાકીસ્તાન મોહરું જ છે, ભારતનો સૌથી મોટો દુશ્મન તુર્કી છે અને તે આ વખતના યુદ્ધમાં પાકની પડખે રહી અને તુર્કીએ પુરવાર કરી દીધું છે. સૌકોઈએ હાલના સમયે દેશને જ પ્રાથમિકતા આપવી જોઈએ અને જે નુકસાની કદાચ વ્યાપારની વેઠવી પડે તો વેઠવી લેવી જોઈએ અને તુર્કી સાથેનો ટ્રેડ-વ્યાપાર તોડવાની કટિબદ્ધતા દર્શાવવા સામેથી આગળ આવવુ જોઈએ. આ તૂર્કી નમકહરામ દેશ છે. ભારતે તૂર્કિમાં આવેલા ભુકંપ વખતે સૌથી પહેલા આપેરેશન દોસ્તી ચલાવી તેને રાશનની મદદ કરી હતી. અને તૂર્કી પાકીસ્તાનના પડખે ઉભુ રહી ગયુ અને ભારત પર ડ્રોન વરસાવ્યા છે. તુર્કી સાથે વેપાર તોડવાથી ભારતને કોઈ મોટી નુકસાની વેઠવાની નહી આવે ભારત માત્ર ૩ હજાર બીલીયન ડોલરની જ આયાત ત્યાથી કરી રહ્યુ છે જયારે તુર્કી ભારતમાં ૧૦ હજાર બીલીયન ડોલરનો વ્યાપાર કરી રહ્યો છે.તૂર્કીને ખબર પડવી જોઈએ કે, પાકીસ્તાનનારવાડે ચડીને મોટી ભુલ તે કરી ગયુ છે. બંદરો પરથી અહીથી કલે, ખનીજ, કેમીકલ, પેટકોક જેવી વસ્તુઓની નિકાસ આયાત-નિકાસ થાય છે તે સામે ચાલીને બંધ કરવાની જાહેરાત થવી જોઈએ તેવો આશાવાદ દેશભકિત કચ્છીમાડુઓ જોઈ રહ્યા છે.

**વહીવટી તંત્ર સમક્ષ રિવિઝન અરજીઓના ખડકલા**

# કચ્છમાં બનાવટી દસ્તાવેજોના આધારે ડૉ. દંપતિ સહિત ખેડૂત ખાતેદાર બનનાર પર કાયદાનો સંકજો ..?

**કચ્છમાં કોડીના દામે મળતી જમીન કરોડોની થઈ જતા જમીન સંબંધી કૌભાંડો વધ્યા : જમીનના વધતા ભાવ અને સરકાર દ્વારા ખેડૂતોને અપાતી વિવિધ સબસીડીનો લાભ લેવા બોગસ ખેડૂત ખાતેદારોનો ફાટ્યો રાફડો**

**તંત્ર દ્વારા વારસાઈ નોંધ કે બિન ખેતીના કેસમાં ખેડૂત ખાતેદારની મૂળથી તપાસ શરૂ થતા જિલ્લા વ્યાપી મોટા કૌભાંડો આવ્યા પ્રકાશમાં : બોગસ ખેડૂતો સામે આરટીઆઈ એક્ટિવિસ્ટોએ પણ માંડ્યો મોરચો**

**ભુજના જાણીતા દંપતિએ બોગસ ખેડૂત ખાતેદાર બની મેળવેલ જમીનનો મુદ્દો બન્યો ટોક ઓફ ધ ટાઉન : ભળતા નામના આધારે બોગસ ખેડૂત ખાતેદાર બન્યાનો કરાયો આક્ષેપ : સુઓમોટો રિવિઝન લઈ બોગસ ખેડૂત બની ખરીદાયેલ જમીન સરકાર દાખલ કરવા કરાઈ અરજી**

ભુજ : અઢી-ત્રણ દાયકાઓ અગાઉ સજાનો જિલ્લો ગણાતા કચ્છ જિલ્લામાં જમીનના ભાવ ચણા-મમરા સમાન જ હતા. વર્ષ ૨૦૦૧ ના વિનાશક ભૂકંપ બાદ થયેલા નવસર્જન થકી કચ્છમાં જમીન સોનાની લગડી સમાન બની છે. એક સમયે કોડીના દામે મળી રહેતી જમીનોની કિંમત હવે કરોડોની થઈ છે ત્યારે જમીન સંદર્ભે નાના-મોટા કૌભાંડ અવાર-નવાર સામે આવતા હોય છે. ખાસ કરીને બનાવટી આધારો ઊભા કરી ખેડૂત ન હોવા છતાં અનેક લોકો બોગસ ખેડૂત ખાતેદાર બની રહ્યા હતા. જોકે, હવે એનએ કરવાની પ્રક્રિયા કે વારસાઈ નોંધ પડાવવાના કિસ્સામાં વહીવટી તંત્ર મૂળથી તપાસ થતી હોવાથી કચ્છમાં વર્ષોથી ચાલી આવતી બોગસ ખેડૂત ખાતેદારોની લાલિયાવાડી પર કાયદાની ગાજ વરસી છે. બનાવટી દસ્તાવેજી આધારો ઊભા કરી બોગસ ખેડૂત ખાતેદાર બન ગયેલા લોકો પર કાયદાનો સંકજો કસાયો છે.

આ અંગેની પ્રાપ્ત વિગતો અનુસાર છેલ્લા થોડા સમયથી જિલ્લા મથક ભુજની વહીવટી કચેરીઓ બોગસ ખેડૂત ખાતેદારો સાથે થઈ રહેલી શ્રેણીબદ્ધ અરજીઓ ટોક ઓફ ધ ટાઉન બની ગઈ છે. કચ્છમાં જમીનના ભાવો ઉંચકાયા બાદ ખેડૂત ખાતેદાર બનવા લોકો મથી રહ્યા છે. જમીનના વધતા ભાવ ઉપરાંત સરકાર દ્વારા ખેડૂતોને આપવામાં આવતી વિવિધ પ્રકારની સબસીડીનો લાભ લેવા માટે પણ ખેડૂત ખાતેદાર બનવા કચ્છમાં અનેક લોકોએ પાણીની જેમ પૈસા ખર્ચી નાખી બોગસ દસ્તાવેજોનો આધાર લઈ ખેડૂત ખાતેદાર બની બેઠા છે.

કચ્છ જિલ્લામાં બોગસ દસ્તાવેજો અને બળતા નામનો ઉપયોગ કરી ખેડૂત ખાતેદાર બનવાની ફરિયાદો વધી છે. લોકો ખેડૂત ખાતેદાર બનવા ભળતા નામનો પણ ઉપયોગ કરવામાં આવતો હોય છે. આ મોડ્સ ઓપરેન્ડીનો ખુલાસો થયા બાદ સરકારી તંત્ર સમક્ષ રિવિઝન અરજીઓના ખડકલા થયા છે. જ્યાં એક તરફ ખુદ તંત્ર દ્વારા વારસાઈ નોંધ કે જમીનને બિનખેતી કરવાની અરજીઓમાં ખેડૂત ખાતેદારના મૂળની તપાસ કરવાનું શરૂ કરાયું છે તો બીજી તરફ કેટલાક આરટીઆઈ એક્ટિવિસ્ટ પણ સક્રિય થયા છે. જેના કારણે કચ્છમાં કઈ રીતે બોગસ ખેડૂત ખાતેદારોનો રાફળો ફાટ્યો હતો તેના એક પછી એક કિસ્સાઓ ઉજાગર થઈ રહ્યા છે.

તાજેતરમાં ભુજની કલેક્ટર કચેરીમાં જાણીતા દંપત્તિ દ્વારા બોગસ ખેડૂત ખાતેદાર બની જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ખરીદવામાં આવેલી જમીન સરકાર દાખલ કરવા કરવામાં આવેલ અરજી શહેરભરમાં ચર્ચાનું કેન્દ્ર બની છે. આરટીઆઈ એક્ટિવિસ્ટ અલીમામદ ચાકી દ્વારા કરવામાં આવેલ અરજીના જણાવાયું હતું કે, ભુજના દંપત્તિએ ખેડૂત ખાતેદાર બનવા માટે ભળતા નામનો ઉપયોગ કરી અબડાસાના વિંઝાણમાં જમીન મેળવી હતી. આ ઉપરાંત આ દંપત્તિએ કચ્છ જિલ્લામાં અનેક ખેતીની જમીન બોગસ ખેડૂત ખાતેદારના આધારે મેળવી છે. જેમાં કોટડા (આથમણા) મોટી ચીરઈની જમીનમાં ગેરરીતિ કરવામાં આવી હોવાનો આક્ષેપ કરાયો છે. સાથે જ તમામ જમીન રિવિઝનમાં લઈ સરકાર દાખલ કરવા માંગ કરવામાં આવી છે. આવી અનેક અરજીઓ હાલ કલેકટર કચેરીમાં મારો બોલાવ્યો હોય તેવું દેખાઈ રહ્યું છે.